RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 20* Date: 14.11.2020 Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### વડાપ્રધાને આયુર્વેદ દિવસ પર બે આયુર્વેદ સંસ્થાન રાષ્ટ્રને સમર્પિત કરી

## ૨૧મી સદીનું ભારત ટુકડોમાં નહિ, પણ હોલિસ્ટીક રીતે વિચારે છે: મોદી



### જામનગરની આયુર્વેદ યુનિવર્સિટીને રાષ્ટ્રીય દરજ્જો આપવામાં આવ્યો, આયુર્વેદની લોકલ શક્તિ માટે દુનિયાભરમાં વોકલ થવુ પડશે, દેશના ખૂણે ખૂણે બની રહ્યા છે વેલનેસ સેન્ટર


ન્યુ દિલ્હી,તા.૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે પાંચમા આયુર્વેદ દિવસ પર આયુર્વેદ સંસ્થાઓ- ગુજરાતના જામનગરની ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટિચિંગ એન્ડ રિસર્ચ ઈન આયુર્વેદ અને જયપુરની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદને રાષ્ટ્રને સમર્પિત કરી છે.

ગુજરાતમાં આજે ધનતેરસની મોટી ભેટ મળી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા જામનગરની આયુર્વેદ યુનિવર્સિટીનું લોકાર્પણ કરાયું છે. જામનગર આયુર્વેદ યુનિવર્સિટીને તાજેતરમાં જ રાષ્ટ્રીય દરજ્જો અપાયો છે. ત્યારે આયુર્વેદ દિવસ પર ગુજરાતને સ્વાસ્થયને લગતો આ મોટો ઉપહાર બની રહેશે. કોરોનાકાળમાં પણ દુનિયા ભારતના આયુર્વેદનું મહત્વ સમજી ગઈ છે. તો સાથે જ તેઓએ ગુજરાતીઓને ધનતેરસની શુભેચ્છાઓ આપીને સંબોધન કર્યું હતું.

તેઓએ કહ્યું હતું કે, ધન્વન્તરી આયુર્વેદના દેવતા ગણાય છે. આયુર્વેદની રચના તેમના આર્શીવાદથી થઈ છે. આ વર્ષનો આયુર્વેદ દિવસ ગુજરાત અને રાજસ્થાન માટે વિશેષ છે. યુવાઓ માટે પણ વિશેષ છે. આજે જામનગરમાં ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચિંગ એન્ડ રિસર્ચ ઓફ આયુર્વેદને રાષ્ટ્રીય દરજ્જો મળ્યો છે. રાજસ્થાનની ઈન્સ્ટિટ્યૂટને પણ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે લોકાર્પણ કરાયું છે. આયુર્વેદની આ બેસ્ટ યુનિવર્સિટીઓ માટે અભિનંદન. આયુર્વેદ ભારતનો વારસો છે, જેના વિસ્તારમાં સમગ્ર માનવતાની ભલાઈ છે. આપણુ પારંપરિક જ્ઞાન હવે અન્ય દેશોને પણ સમૃદ્ધ કરી રહ્યું છે. બ્રાઝિલની રાષ્ટ્રીય નીતિમાં આયુર્વેદ સામેલ થયું છે. ભારતના અમેરિકા અને જર્મની સાથેના સંબંધો આ મામલે વધી રહ્યાં છે. ડબલ્યુએચઓએ ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિનલ મેડિસીનની સ્થાપના માટે ભારતને પસંદ કર્યું છે, હવે ભારતમાંથી આ ક્ષેત્રે કામ થશે. આ માટે ડબલ્યુએચઓનો હું આભારી છું. જે રીતે ભારત ફાર્મસી ઓફ વર્લ્ડ તરીકે ઉભરાયું છે, તે જ રીતે પારંપારિક ચિકિત્સાનું સેન્ટર પર ગ્લોબલ વેલનેસનું સેન્ટર બનશે. ભારતને નવી ઊંચાઈએ લઈ જશે.

આયુર્વેદ વિશે તેઓએ કહ્યું કે, આયુર્વેદનો મોટો વારસો છે. પણ સત્ય એ પણ છે કે, આ જ્ઞાન પુસ્તકો અને દાદી-નાની નુસ્ખામાં રહ્યું છે. આ જ્ઞાનને આધુનિક સમય પ્રમાણે વિકસિત કરવું જરૂરી છે. તેથી દેશમાં પહેલીવાર આપણી પુરાતન ચિકિત્સાના જ્ઞાનને ૨૧મી સદીના આધુનિક વિજ્ઞાન સાથે જોડવામાં આવી રહ્યું છે. ત્રણ વર્ષ પહેલા જ અખિલ ભારતીય આયુર્વેદ સંસ્થાની સ્થાપના કરાઈ છે. લેહમાં એક સંસ્થા બની રહી છે. ગુજરાત અને રાજસ્થાન પણ હવે આ ક્ષેત્રે કામ કરશે. જ્યારે કદ વધે છે તો દાયિત્વ પણ વધે છે. આયુર્વેદ ભૌતિકી અને રસાયણ શાસ્ત્રને લઈને રિસર્ચ કરો, જેથી ઈન્ટીગ્રેટેડ ડોક્ટરલ અને પોસ્ટ ડોક્ટરલ બનાવવા માટે કામ કરી શકાય. દેશના સ્ટાર્ટઅપે આયુર્વેદના ગ્રોથનો સ્ટડી કરવો જોઈએ. આયુર્વેદની લોકલ શક્તિ માટે તમારે દુનિયાભરમાં વોકલ થવુ પડશે. તેમણે કહ્યું કે, એલોપથી સાથે આયુર્વેદને જોડવાનો પ્રયાસ કરાયો છે. ૨૧મી સદીનું ભારત ટુકડોમાં નહિ, પણ હોલિસ્ટીક રીતે વિચારે છે. હેલ્થ સાથે જોડાયેલ બાબતોને પણ હોલિસ્ટિક એપ્રોચથી સોલ્વ કરવામાં આવી રહી છે. પ્રિવેનટીવ હેલ્થકેર પર વેલનેસ વધુ ફોકસ કરવામાં આવી રહ્યું છે. એક તરફ સ્વચ્છ, પ્રદૂષણ, પોષણ મામલે ધ્યાન રાખવામાં આવી રહ્યું છે, તો દોઢ લાખ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર દેશના ખૂણે ખૂણે તૈયાર કરવામાં આવી રહ્યાં છે. ૧૨૫૦ થી વધુ સેનટર આયુર્વેદ સાથે જોડાયેલા છે. વેલનેસનું આ ભારતીય દર્શન દુનિયાને આકર્ષિત કરી રહ્યું છે. ભારતની આ પારંપરિક વિદ્યા કેટલી કારગત છે તે બતાવવું છે. કોરોના માટે કોઈ પ્રભાવી રીત ન હતી, ત્યારે ભારતના ઘર-ઘરમાં હળદર-દૂધ, કાઢા જેવા ઈમ્યુનિટી ઉપાય બહુ જ કામમાં આવ્યા.




## માઝીની સ્પષ્ટતા: અમે એનડીએ અને નીતિશ કુમાર સાથે ચીએ

પટણા,તા.૧૩

અમે નીતિશ કુમારની આગેવાની હેઠળ એનડીએની સાથે ચૂંટણી લડ્યા છીએ અને નીતિશ કુમારની સાથે રહેવાના છીએ એવી સ્પષ્ટતા ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન જીતન રામ માંઝીના હિન્દુસ્તાન અવામ મોર્ચાએ કરી હતી.

બિહાર વિધાનસભાની ચૂંટણીમાં લાલુ યાદવના પુત્ર તેજસ્વી યાદવનું મહાગઠબંધન સૌથી મોટા પક્ષ તરીકે બહાર આવ્યું હોવાથી તેજસ્વી વિવિધ પક્ષોને હોદ્દાની લાલચ આપીને સરકાર રચવાના પ્રયાસો કરી રહ્યો હતો. એને મુખ્ય પ્રધાન બનવાની ભારે અબળખા છે.

એના પક્ષના પ્રવક્તાએ એવો પ્રચાર શરૂ કર્યો હતો કે અમને વિવિધ પક્ષો અને દલિત નેતાઓ પણ સાથ આપવા તૈયાર છે. આ ઉલ્લેખ જીતન રામ માંઝીનો છે. માંઝી દલિત નેતા છે અને અગાઉ લાલુ યાદવની સાથે હતા. જો કે અત્યારે માંઝીએ સ્વતંત્ર પક્ષ સ્થાપ્યો છે અને તાજેતરની ચૂંટણી એનડીએની સાથે રહીને લડ્યા હતા.

અહેવાલો મુજબ માંઝીના પક્ષના નેતાઓને એવા ફોન આવતા હતા કે તમને જોઈએ એ પ્રધાનપદ આપીશું. તમે અમારી સાથે આવી જાઓ. આ અહેવાલોનો સૂર એવો હતો કે કદાચ માંઝીના પક્ષના ધારાસભ્યો તેજસ્વી યાદવ સાથે જોડાઇ જશે. આ અહેવાલોને રદિયો આપતા માંઝીએ પોતાના પક્ષ વતી આ સ્પષ્ટતા કરી હતી.

## રિલાયન્સ ઇન્ડસ્ટ્રી બ્રેકથ્રુ એનર્જી વેન્ચુર્સમાં ૩૭૧ કરોડનું રોકાણ કરશે

મુંબઈ,તા.૧૩

દેશની સૌથી મૂલ્યવાન કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રી લિમિટેડ બ્રેકથ્રુ એનર્જી વેન્ચુર્સમાં ૫ કરોડ એટલે કે આશરે ૩૭૧ કરોડ રૂપિયા રોકાણ કરશે, આ ગ્રુપની અનુયાયીમાં ફાઉન્ડર બિલ ગેટ્સ કરી રહ્યા છે. રિલાયન્સે ગુરૂવારે એક નિવેદનમાં આ જાણકારી આપી છે. શુક્રવારે શરૂઆતી કારોબારમાં રિલાયન્સના શેર આશરે એક ટકાની વધારા સાથે ૨ હજાર રૂપિયાના ભાવ પર હતા.

રિલાયન્સે એક રેગ્યુલેટરી ફાઈલિંગમાં કહ્યું હતું કે તે ૫ કરોડ ડોલરનું યોગદાન આપી રહી છે જો વિચારાધીન ફંડનું ૫.૭૫ ટકા છે. તે રોકાણના આગામી ૮-૧૦ વર્ષમાં હપ્તામાં કરવામાં આવશે. બીઈવીનો હેતુ ઉર્જા અને કૃષિની ક્રાંતિકારી તકનીકોમાં રોકાણ કરી જળવાયુ સંકટનું સમાધાન શોધવાનું છે. કંપની ક્લીન એનર્જી સોલ્યુશનમાં ઈનોવેશનને સપોર્ટ કરવા માટે રોકાણકારોથી એકઠી કરવામાં પૂંજી રોકાણ કરશે.

રિલાયન્સે કહ્યું કે આ પ્રયત્નોનાં પરિણામો ભારત માટે ખૂબ મહત્વનું રહેશે અને આને આખી માનવતાને ફાયદો થવાની અપેક્ષા છે. ઉપરાંત, તે રોકાણકારોને સારા વળતર આપશે. કંપનીનું કહેવું છે કે આ વ્યવહારને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા મંજૂરી મળવાની બાકી છે. આ રોકાણ સંબંધિત પાર્ટી વ્યવહારો દ્વારા આવરી લેવામાં આવતું નથી અને આરઆઈએલની કોઈ પ્રમોટર અથવા પ્રમોટર જૂથ અથવા જૂથ કંપનીઓને તેમાં કોઈ રસ નથી.

ગુરૂવારે શેર બજારમાં સતત આઠ દિવસની તેજી પર બ્રેક લાગી ગઈ હતી.બીએસઈના 30 શેર વાળા સંવેદી સુચકાંક કારોબાર દરમયાન એકે ૪૬૬.૧૨ અંક પડી ગયું હતું. જો કે બાદમાં તેને વાપસી કરી અને અંતે ૨૩૬.૪૮ અંક એટલે કે ૦.૫૪ ટકા નીચે ગગડીને ૪૩૩૫૭.૧૯ના આંક પર બંધ થયો. એનએસઈ નિફ્ટી પણ આ જ પ્રકારે ૫૮.૩૫ અંક એટલે તે ૦.૪૬ ટકાના ઘટાડા સાથે ૧૨૬૯૦.૮૦ના આંક પર બંધ થયું હતું.

### સીડીએસ-સેનાધ્યક્ષ પણ રહેશે હાજર

## વડાપ્રધાન મોદી જેસલમેરમાં જવાનો સાથે દિવાળી ઊજવે તેવી શક્યતા

ન્યુ દિલ્હી,તા.૧૩

કોરોના કાળ વચ્ચે દેશમાં દિવાળી મનાવવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ વખતે પણ ખાસ રીતે દિવાળી મનાવવાની તૈયારીમાં છે. પીએમ આ વખતે જેસલમેર બોર્ડર પર ભારતીય સેનાઓના જવાનો સાથે દિવાળીની ઉજવણી કરી શકશે. પીએમ મોદી સાથે ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ બિપિન રાવત, સેના પ્રમુખ એમએમ નરવણે પણ સામેલ થઈ શકે છે.

મહત્વપૂર્ણ છે કે આ પહેલા પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દિવાળીનો તહેવાર જવાનો સાથે મનાવતા આવ્યા છે. વડાપ્રધાન મોદીએ આ પહેલા જમ્મુ કાશ્મીર, ઉત્તરાખંડ સહિત અન્ય જગ્યાઓ પર જવાનો વચ્ચે જઈને દિવાળી મનાવી છે. પીએમ મોદી આ દરમિયાન જવાનો સાથે મુલાકાત કરે છે, તેમની સાથે સમય વિતાવે છે અને મિઠાઈ ખવડાવે છે.

ગત કેટલાક દિવસથી ભારત અને ચીન વચ્ચે લદ્દાખ સરહદ પર તણાવની સ્થિતિ છે. એવામાં જો પીએમ મોદી સેનાના જવાનો સાથે મુલાકાત કરે છે, તો તેમાં પણ જોશ આવશે. મહત્વપૂર્ણ છે કે લદ્દાખના ટકરાવ વચ્ચે આ પહેલા પીએમ મોદી અચાનક જ લેહ પહોચી ગયા હતા, ત્યારે પણ પીએમ મોદીએ અચાનક લેહ પહોચી દરેક કોઈને ચોકાવી દીધા હતા, સાથે જ જવાનો સાથે વાત કરી હતી. પીએમ મોદીએ ત્યા જવાનોએ સંબોધિત કર્યુ હતું અને ઉત્સાહ વધાર્યો હતો.

મહત્વપૂર્ણ છે કે આ વખતે પીએમ મોદી તરફથી સતત લોકોને અપીલ કરવામાં આવી રહી છે કે કોરોના સંકટને કારણે દિવાળી પર સાવચેતી રાખવા અને લોકલ પ્રોડક્ટને જ ખરીદો.

## કુલ કેસ ૮૭.૨૮ લાખ થયા

## ભારતમાં ૨૪ કલાકમાં કોરોનાના ૪૪,૮૭૯ કેસ નોંધાયા, ૫૪૭ લોકોએ જીવ ગુમાવ્યો



ન્યુ દિલ્હી,તા.૧૩

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા રજૂ કરાયેલા આંકડા પ્રમાણે ભારતમાં કોરોના વાયરસના કેસનો આંકડો વધીને શુક્રવારે ૮૭.૨૮ લાખ પર પહોંચી ગયો છે, એક દિવસમાં ૪૪,૮૭૯ નવા કેસ નોંધાયા છે. જ્યારે ૮૧,૧૫,૫૮૦ દર્દીઓ સાજા થઈ ગયા છે જેની ટકાવારી ૯૨.૯૭% થાય છે. દિવાળીના તહેવારના કારણે બજારોમાં વધતી ભીડ ચિંતાનું કારણ બની રહ્યા છે. ભારતના વિવિધ રાજ્યોમાં કોરોના વધુ વકરે નહીં તે માટે પગલા ભરવામાં આવી રહ્યા છે પરંતુ ભીડવાળા વિસ્તારોમાં સોશિયલ ડિસ્ટન્સિંગ અને માસ્કનો ભારે અભાવ જોવા મળી રહ્યો છે.

પાછલા ૨૪ કલાકમાં ૫૪૭ લોકોએ જીવ ગુમાવ્યો છે, જેની સાથે કુલ મૃત્યુ પામનારા લોકોનો આંકડો ૧,૨૮,૬૬૮ થાય છે, જ્યારે કુલ કેસનો આંકડો સવારના ૮ વાગ્યા સુધીમાં ૮૭,૨૮,૭૯૫ થાય છે.

કોરોના ફર્ટિલિટી રેટ ૧.૪૭% થયો છે, જ્યારે હાલ એક્ટિવ કેસનો આંકડો ૪,૮૭,૫૪૭ પર પહોંચ્યો છે, જેની ટકાવારી ૫.૫૫% થાય છે. આઈસીએમઆર મુજબ અત્યાર સુધીમાં ૧૨,૩૧,૦૧,૭૩૯ કોરોના સેમ્પલ લેવામાં આવ્યા છે, જ્યારે ગુરુવારે ૧૧,૩૯,૨૩૦ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા છે. જોન હોપકિન્સ યુનિવર્સિટી મુજબ દુનિયામાં ફેલાયેલા કોરોના વાયરસના કેસનો આંકડો ૫ કરોડને પાર થઈ ગયો છે, ૧૨ લાખ કરતા વધારે લોકોએ કોરોનાના કારણે જીવ ગુમાવ્યો છે. ૨,૬૫૪ લોકોએ જીવ ગુમાવ્યો છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં
કોરોના નવા કેસની સંખ્યા:૧૧૫૨
રાજ્યમાં કુલ કેસનો આંકડો
પહોંચ્યો : ૧૮૬૧૧૬
ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં
લોકોનાં મૃત્યુ: ૦૬
રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા
દર્દીઓની સંખ્યા :૧૦૭૮
ગુજરાતમાં સાજા થયેલા કુલ
દર્દીઓની સંખ્યા : ૧૬૯૯૩૬

### ભારતનો જડબાતોડ જવાબ: આઠ પાકિસ્તાની સૈનિકોને ઠાર માર્યા

## LOC પર પાકિસ્તાનનું ફાયરિંગ: ત્રણ જવાન શહિદ

દિવાળીના તહેવાર ટાણેં જ પાકિસ્તાને સરહદે પોત પ્રકાશ્યું છે. આજે લાઈન ઓફ કંટ્રોલ પર જુદી જુદી ઠેકાણે કરેલા સંઘર્ષ વિરામના ઉલ્લંઘનમાં ભારતના ૩ જવાનો શહીદ થયા છે અને ૩ નિર્દોષ નાગરિકોના મોત નિપજ્યા છે. ભારતીય સેનાએ તત્કાળ બદલો લીધો હતો. ભારતીય સેનાએ પણ તત્કાળ બદલો લીધો હતો. ભારતીય સેનાના સૂત્રોના જણાવ્યા પ્રમાણે સેના દ્વારા કરવામાં આવેલી તત્કાળ વળતી કાર્યવાહીમાં પાકિસ્તાનના ૮ સૈનિકોને ઠાર માર્યા છે. જેમાં પાકિસ્તાનના ૨-૩ એસએસજીના કમાંન્ડો પણ શામેલ છે. આ ઉપરાંત પાકિસ્તાની સેનાના ૧૦ થી ૧૨ જવાનો ઘાયલ થયા છે. જેથી પાકિસ્તાની સેનાના જવાનોનો મૃતાંક વધે તેવી શક્યતા છે. ભારતીય સેનાના જણાવ્યા પ્રમાણે પાકિસ્તાન તરફથી કોઈ જ કારણ વગરની ઉશ્કેરણીજનક હરકત કરવામાં આવી હતી. પાકિસ્તાની સેનાએ ઉરીથી લઈને ગુરેજ સુધીના વિસ્તારોમાં સીઝફાયર ઉલ્લંઘન કર્યું હતું જેનો ભારતીય સેનાએ તત્કાળ જવાબ આપતા ૮ સૈનિકોના ઢીમ ઢાળી દીધા હતાં.

આ અગાઉ ભારતીય સેનાના જણાવ્યા પ્રમાણે એલઓસીની નજીક કુપવાડા ના કેરનથી બારામુલા ના ઉરી સેક્ટરમાં અનેક થેકાણે પાકિસ્તાન તરફથી ભિષણ ગોળીબાર કરવામાં આવ્યો હતો. સામે ભારતીય સેના પણ જડબાતોડ જવાબ આપી રહી છે.

બારામુલામાં પાકિસ્તાન તરફથી યુદ્ધ વિરામનું ઉલ્લંઘન કરતા ગોળીબાર કરવામાં આવ્યો હતો. આ નાપાક હરકતમાં ઘાયલ થયેલા બીએસએફના જવાન રાકેશ દોભાલ શહીદ થયા છે. રાકેશ ડોભાલ ઉત્તરાખંડના ઋષિકેશના ગંગાનગરના રહેવાસી હતાં. તે બીએસએફ આર્ટી રેજિમેંટમાં હતાં અને કોન્સ્ટેબલ પદે તૈનાત હતાં. આ ગોળીમારમાં સેનાના બે જવાનો પણ શહીદ થયા હોવાના અહેવાલ છે.

જ્યારે ૩ નિર્દોષ નાગરિકોના પણ મોત નિપજ્યા હોવાના અહેવાલ છે. અન્ય એક નાગરિકની સ્થિતિ હજી પણ ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે. પાકિસ્તાની સેનાના દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં સરહદની નજીકના ગામડાઓના ઘરોને પણ નુકસાન પહોંચ્યુ છે, જ્યારે એક મહિલા પણ ઘાયલ થઈ છે. પાકિસ્તાન તરફથી આજે બારામોલ્લા જીલ્લાના હાજીપીર વિસ્તારમાં ગોળીબા કરવામાં આવ્યો. આ ઉપરાંય તંગધાર સેક્ટર અને ગુરેજ સેક્ટરમાં પણ પાકિસ્તાન દ્વારા સીઝફાયરનું ઉલ્લંઘન કરવામાં આવ્યુ હતું. આ દરમિયાન પાકિસ્તાની સેનાએ ગોળીબાર, મોર્ટાર મારો કર્યો હતો. ભારતીય સેનાએ પણ પાકિસ્તાનને વળતો જડબાતોડ જવાબ આપ્યો હતો.

પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા ગોળીબાર બાદ સરહદે અડીને આવેલા ગામના લોકોને સુરક્ષીત સ્થળે ખસેડવામાં આવી રહ્યાં છે. ગુરેજ, તંગધારમાંથી કેટલાક લોકોને હટાવી પણ લેવાયા છે.

## તંત્રી સ્થાનેથી...

### અપરાધિક મામલાથી બચવા- રાષ્ટ્રપતિપદ જાળવી રાખવા ટ્રમ્પ બળવો કરશે કે શું......?

*અમેરિકાના રાષ્ટ્રપતિની ચૂંટણીઓ પર સમગ્ર વિશ્વની નજર મંડરાયેલી રહી હતી.... અને હવે પરિણામો આવ્યા બાદ પણ અમેરિકાના રાજકીય કે સત્તા ક્ષેત્રે બની રહેલ વિવિધ ઘટનાઓ પર પુનઃ વિશ્વના દેશોની નજર મંડરાઇ ગઈ છે.... અને તેનું કારણ છે બિડેનની રાષ્ટ્રપતિ તરીકેની જીત..... પરંતુ રાષ્ટ્રપતિ ટ્રમ્પ પોતાની હાર સ્વીકારવા તૈયાર નથી અને બિડેનની જીતને પચાવી શક્યા નથી......! વિશ્વની મહાસત્તા અમેરિકામાં રેકોર્ડ બન્યો કે ૩૦ વર્ષના ઇતિહાસમાં પ્રથમવાર વર્તમાન રાષ્ટ્રપતિ ટ્રમ્પ હારી ગયા છે..... પરંતુ ટ્રમ્પ એન કેન પ્રકારે રાષ્ટ્રપતિનો હોદ્દો છોડવા તૈયાર નથી....! ઉપરાંત તેમને વિદેશ મંત્રી માઈક પોમ્પીઓ જેવા ટેકેદાર મળી ગયા એટલે ટ્રમ્પે પોતાની સત્તા ટકાવી રાખવા કોઈપણ હદે જઈ શકે તેવી શક્યતા વધી પડી છે..... કારણ કે તેઓ હારી ગયા બાદ અમેરિકાની સુરક્ષા માટેના મહત્વના વિભાગો પેન્ટાગોન માં છે અને તેના પર ટ્રમ્પે કબજો જમાવવા તમામ વિભાગોમાં અને પેન્ટાગોનના વડા તરીકે પોતાના તમામ વિશ્વાસુઓને ગોઠવી દીધા છે. પેન્ટાગોન એ અમેરિકાનુ સંરક્ષણ મંત્રાલય છે. એટલે હારવા છતા ટ્રમ્પે પોતાના વિશ્વાસુઓને તાત્કાલીક મુખ્ય પદો પર ગોઠવી દીધા.... તે કારણે સમગ્ર અમેરિકામાં ફફડાટ વ્યાપી ગયો છે.... અને આવા સમયે ટ્રમ્પની ભત્રીજીએ ટ્વિટમાં જણાવ્યું છે કે ટ્રમ્પ બળવો કરી શકે છે. આ ટ્વિટથી અમેરિકન વધુ ભડક્યા છે. કારણ કે અહીં ગનનુ સામ્રાજ્ય છે.... વસ્તી ૩૫ કરોડની કે અને તેની સામે વસ્તી પાસે ૩૮ કરોડ વિવિધ પ્રકારની ગુનો છે. ઉપરાંત ટ્રમ્પ અને બિડેનના ટેકેદારો આમને-સામને આવી ગયા છે. એટલે સત્તા માટે કદાચ હિંસા અને તોફાનો થાય તેવી શક્યતા અમેરિકામાં વ્યાપી ગઈ છે.....!*

*ડોનાલ્ડ ટ્રમ્પ રાષ્ટ્રપતિની ચૂટણી હારી ગયા હોવા છતાં રાષ્ટ્રપતિ પદ છોડવા તૈયાર કેમ નથી થતા તેવો પ્રશ્ન સૌ કોઇના મનમાં ઊઠે.... ત્યારે અમેરિકા વિશ્વની મહાસત્તા છે ત્યારે ત્યાંના તજજ્ઞો-નિષ્ણાતોના જણાવવા અનુસાર તેમના કાર્યકાળમાં થયેલા વિવિધ ગોટાળાઓની તપાસ કરતા જાણવા મળે છે કે તેઓ રાષ્ટ્રપતિ પદ પરથી હટતાજ તેમની સામે અપરાધીક કાર્યવાહી થઈ શકે... તેમજ આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે.....! અને ગરબડો કે ગોટાળાઓને કારણે જેલમાં જવું પડે....! તજજ્ઞો અનુસાર એવી સંભાવનાઓ છે કે તેમના પર અપરાધિક બાબતો ચલાવવામાં આવશે. તેમના પર બેંક છેતરપીંડી, ટેક્ષ છેતરપીંડી, મની લોન્ડ્રિંગ, ચૂંટણીમાં દગાખોરી જેવા આરોપો લાગી શકે છે.... અને આ બાબતોથી બચવા રાષ્ટ્રપતિપદ અગત્યનું છે.તે માટે તેઓ રાષ્ટ્રપતિપદ જાળવી રાખવા પરિણામોને પડકારવા માટે કેટલાંક રાજ્યોમાં મતગણના પુનઃ કરાવવા માટે ખાસ યોજના બનાવી છે. તેમાં મોટી સંખ્યામાં રેલીયો યોજવી અને સભાઓ કરાવવી તેમા મૃતકોના નામે મતદાન થયું હોવાનો મુદ્દો ઉઠાવીને જોર્જીયા, એમેઝોન, પસિલ્વાનિયામાં પુનઃ મત ગણના કરાવવાની માંગ ઉઠાવવી છે. જોકે બિડેને જીત મેળવ્યા બાદ વિવિધ દેશો સાથે વાતચીતનો દોર શરૂ કરી દીધો છે જેમા કોરોના ડામવાના મુદ્દાને પ્રધાન્ય આપ્યુ છે. તેમજ આમ પ્રજાને એક જૂઠ રાખવાની વાત કરી છે... જેને પ્રજાએ આવકારી છે. ત્યારે ટ્રમ્પે છેલ્લે મોટો દાવ ખેલ્યો છે આગામી ૧૧ જાન્યુઆરી ૨૦૨૧ થી ચીન સાથે એટલે કે ચીનની સેના તેમજ તેની કોમ્યુનિટી સેનાની કોઈ પણ કંપની સાથે સુરક્ષા બાબતે લેણ દેણ તથા ઉપકરણોની ખરીદી અને વેચાણ પર કાર્યકારી પ્રતિબંધ લગાવવાના આદેશો ફરમાવી દીધા છે.ફ આ પ્રતિબંધો મૂકવાની જાહેરાત પહેલા પેન્ટાગોનના તમામ અગત્યના તંત્રના વડાઓ તથા સંબંધિત મંત્રાલયનાં મંત્રીઓ સાથે ચર્ચા કરી પ્રતિબંધ મૂકવાનો નિર્ણય લીધો છે. પરંતુ અમેરિકા ટ્રમ્પને કારણે વિશ્વભરમા શરમ જનક સ્થિતિમાં મૂકાઈ ગયું છે... તે હકીકત છે......! જ્યારે કે ટ્રમ્પ માટે રાષ્ટ્રપતિ પદ અગત્યનુ છે.... એટલે બિડેનની જીત સ્વીકારતા નથી...... અને આ કારણે અમેરિકામાં સત્તાકિય અફડાતફડી મચી શકે.....! વંદે માતરમ*

### રાહુલ ગાંધી સ્કૂલમાં ભણતા ટાબરિયા જેવો, ઝનૂનની તેમનામાં કમી

# બરાક ઓબામાએ રાહુલ ગાંધીની સરખામણી વિદ્યાર્થી સાથે કરી



### પુસ્તકમાં મનમોહનના વખાણ, અપાર નિષ્ઠાવાળા ગણાવ્યા, પુટીનને ગણાવ્યા 'ચાલાક બોસ', ઓબામાના સંસ્મરણોના ૭૬૮ પૃષ્ઠોનું પુસ્તક ૧૭ નવેમ્બરે બહાર પડશે

વોશિંગ્ટન,તા.૧૩

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપ્રમુખ બરાક ઓબામાએ રાહુલ ગાંધીનો ઉલ્લેખ પોતાના પુસ્તકમાં કર્યો છે. ઓબામાએ પોતાના આત્મકથા 'અ પ્રોમિસ્ડ લેન્ડ'માં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીનો ઉલ્લેખ કર્યો છે. ઓબામાએ પોતાની આત્મકથામાં રાહુલ ગાંધીને નર્વસ અને ઓછી યોગ્યતાવાળા નેતા ગણાવ્યા છે. પોતાના પુસ્તકમાં ઓબામાએ ભારતના પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહનો પણ ઉલ્લેખ કર્યો છે. બરાક ઓબામાએ પોતાના પુસ્તકમાં લખ્યું છે, 'રાહુલ ગાંધી એક એવા વિદ્યાર્થી છે જેમણે કોર્સવર્ક તો કર્યું છે અને શિક્ષકને પ્રભાવિત કરવા માટે ઉત્સુક પણ રહ્યા છે પરંતુ આ વિષયમાં મહારત હાંસલ કરવા માટે ક્યાં તો તેમનામાં યોગ્યા નથી અથવા ઝનૂનની કમી છે.' તેમણે રાહુલ ગાંધીને નર્વસ અને ઓછી ગુણવત્તા ધરાવનારા પણ કહ્યા છે.

ન્યુયોર્ક ટાઈમ્સે ઓબામાના સંસ્મરણ 'અ પ્રોમિસ્ડ લેન્ડ'ની સમીક્ષા કરી છે. જેમાં પૂર્વ રાષ્ટ્રપ્રમુખે દુનિયાભરના રાજકીય નેતાઓ સિવાય અન્ય વિષયો પર પણ વા કરી છે. ન્યુયોર્ક ટાઈમ્સમાં પબ્લિશ સમીક્ષા પ્રમાણે રાહુલ ગાંધીના વિષયમાં ઓબામાએ કહ્યું છે કે તેમનામાં ગભરાયેલા અને અપરિપકવ વિદ્યાર્થીના ગુણ છે જેણે આખો કોર્સ પૂર્ણ કરી લીધો છે અને તે પોતાના શિક્ષકને પ્રભાવિત કરવા માગે છે, પરંતુ તેમનામાં વિષયમાં સફળતા મેળવવાની યોગ્ય તા કે ઝનૂનની કમી છે.

બરાક ઓબામાએ રાહુલ ગાંધીના માતા અને કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીનો પણ ઉલ્લેખ કર્યો છે, તેમણે કહ્યું છે કે, 'આપણને ક્રિસ્ટ અને રહમ એમેનુઅલ જેવા પુરુષોના હેન્ડસમ હોવા વિશે કહેવાય છે પરંતુ મહિલાઓના સૌંદર્ય વિશે નહીં. માત્ર એક કે બે જ ઉદાહરણ અપવાદ છે જેમ કે સોનિયા ગાંધી.'

સમીક્ષામાં કહેવામાં આવ્યું છે કે, અમેરિકાના પૂર્વ સંરક્ષણ મંત્રી બોબ ગેટ્સ અને ભારતના પૂર્વ વડાપ્રધાન મનમોહસિંહ બન્ને એકદમ પ્રામાણિક છે. તેમાં કહેવામાં આવ્યું છે કે રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમિર પુતિન ઓબામાને શિકાગો મશીન ચલાવનારા મજબૂત, ચાલાક બોસની યાદ અપાવે છે. પુતિન વિશે ઓબામા લખે છે, 'શારીરિક રીતે તેઓ સાધારણ છે.' ઓબામાના ૭૮૬ પાનાનું પુસ્તક ૧૭ નવેમ્બરે બજારમાં આવશે. અમેરિકાના પહેલા આફ્રીકન-અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ઓબામાએ પોતાના કાર્યકાળમાં બે વખત ૨૦૧૦ અને ૨૦૧૫માં ભારતની યાત્રા કરી હતી.

## દેશમાં તો ઠીક વિદેશમાં પણ રાહુલે ઈજ્જત ગુમાવી છેઃ ગિરિરાજ સિંહ

ન્યુ દિલ્હી,તા.૧૩

કેન્દ્રીય પ્રધાન અને ભાજપના સાંસદ ગિરિરાજ સિંઘે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીની ટીકા કરતાં કહ્યું કે દેશમાં તો ઠીક, વિદેશમાં પણ રાહુલે પોતાની ઈજ્જત ગુમાવી દીધી હતી.

અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપ્રમુખ બરાક ઓબામાની આત્મકથા અ પ્રોમિસ્ડ લેન્ડમાં રાહુલ ગાંધીને શિક્ષક સામે ઊભેલા ગભરુ બાળક જેવો અને કોઇ પણ વિષયનું પૂરતું જ્ઞાન ન હોય એવા ટાબરિયા તરીકે વર્ણવવામાં આવ્યા છે. અમેરિકાના પ્રતિષ્ઠિત દૈનિક ન્યૂયોર્ક ટાઇમ્સે આજે શુક્રવારે ૧૩ નવેંબરે પોતાના અંકમાં આ પુસ્તકની સમીક્ષા કરી હતી. એ વિશે ગિરિરાજ સિંઘ બોલી રહ્યા હતા.

ઓબામાએ લખ્યું છે કે રાહુલ ગાંધી સ્કૂલમાં ભણતા એવા ગભરુ ટાબરિયા જેવા છે જે શિક્ષકને પ્રભાવિત કરવા ઉત્સુક છે પરંતુ કોઇ વિષયનું પૂરતું જ્ઞાન ધરાવતા નથી. ઓબામાએ ભૂતપૂર્વ વડા પ્રધાન ડૉક્ટર મનમોહન સિંઘને અગાધ નિષ્ઠા ધરાવતા રાજપુરુષ તરીકે વર્ણવ્યા હતા.

ગિરિરાજ સિંઘે કહ્યું કે રાહુલ ગાંધીએ દેશમાં તો ઠીક, વિદેશમાં પણ પોતાની બેઈજ્જતી કરાવે છે. ૨૦૧૭માં બરાક ઓબામા ભારતની મુલાકાતે આવ્યા ત્યારે રાહુલ ગાંધી સાથે તેમની મુલાકાત થઇ હતી.

## ઓવૈસી ભાજપની કઠપૂતળીઃ ઊર્દૂ શાયર મુનવ્વર રાણા

ન્યુ દિલ્હી,તા.૧૩

પ્રસિદ્ધ ઊર્દૂ શાયર મુનવ્વર રાણાએ ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદૂલ-મુસ્લિમીનના અધ્યક્ષ અને હૈદરાબાદના સાંસદ અસદુદ્દીન ઓવૈસીને સૂઅર કા બચ્ચા અને બીજા મુહમ્મદ અલી જિન્નાહ ગણાવ્યા હતા.

તેમણે ઓવૈસીની આકરી ઝાટકણી કાઢતાં કહ્યું કે આવા નેતાઓ મુસ્લિમોને બરબાદ કરી રહ્યા હતા. અગાઉ રાણાએ ફ્રાન્સમાં મુસ્લિમોએ કરેલા આતંકવાદી હુમલાને વાજબી ગણાવતાં વિવાદાસ્પદ વિધાનો કર્યાં હતાં. હવે એ ઓવૈસી પર વરસી પડ્યા હતા. રાણાએ કહ્યું કે ઓવૈસીએ બિહારની ચૂંટણીમાં ઝંપલાવવાની જરૂર શી હતી. માંડ માંડ મહાગઠબંધનની સરકાર બને એવી સ્થિતિ હતી ત્યારે આ માણસે આવીને બાજી બગાડી નાખી.

બન્યું એવું કે ઓવૈસીએ બિહારની વિધાનસભાની ચૂંટણીમાં ઝંપલાવ્યું હતું અને બિહારના સીમાંચલ વિસ્તારમાં પાંચ બેઠકો જીતી લીધી હતી. મહાગઠબંધન અને બીજા પક્ષો ઓવૈસીને મતકટવા એટલે કે પોતાના મતો ઝૂંટવી જનાર ગણાવતા હતા. એ વિધાન સાથે સંમત થતાં રાણાએ કહ્યું કે ઓવૈસી ભાજપની કઠપૂતળી હતો. એણે બિહારમાં ભાજપને વધુ બેઠકો મળે એ માટેજ પોતાના ઉમેદવારો ઊભા કર્યા હતા. એને કારણે મુસ્લિમોના મતો વહેંચાઇ ગયા હતા. રાણાએ બિહારના મુસ્લિમોની પણ ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે બિહારી મુસ્લિમો તમે રાજી થાઓ કે તમારા મતોએ ભાજપને સત્તા આપી હતી.

# હર્ડ ઈમ્યુનિટી આવી જશે ત્યારે કોરોના રસીની જરૂર નહીં પડેઃ એમ્સ ડાયરેક્ટર




ન્યુ દિલ્હી,તા.૧૩

શિયાળાની શરૂઆત સાથે જ અમેરિકા સહિત ભારતમાં કોરોના વાયરસના કેસમાં ભારે વધારો નોંધાયો છે. દુનિયાભરમાં કોરોનાની વેક્સીનની કાગડોળે રાહ જોવાઈ રહી છે. ત્યારે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસના ડાઈરેક્ટર રણદીપ ગુલેરિયાએ અલગ જ નિવેદન આપ્યું છે.

ગુલેરિયાએ કહ્યું છે કે, કોરોના વાયરસના વધતા પ્રકોર બાદ આપણે એક એવી સ્થિતિમાં પહોંચી જઈશું કે જયારે હર્ડ ઈમ્યુનિટી આવી જશે અને ત્યારે રસીની પણ જરૂર નહીં પડે. એમ્સના ડાઈરેક્ટર રણદીપ ગુલેરિયાએ એક ખાસ વાતચીતમાં આમ કહ્યું હતું.

દિવાળીના તહેવાર અને માસ્ક તેમન સોશિયલ ડિસ્ટેંસિંગમાં લોકોની બેદરકારીને લઈને ડોક્ટર રણદીપ ગુલેરિયાએ કહ્યું હતું કે, તેના બે પહેલુ છે. એક તો એ કે રસી જલદી આવી જાય. જો આવી પણ ગઈ તો સૌથી પહેલા વધુ જોખમવાળા સમૂહને તે આપવામાં આવશે. એવા લોકો કે જેમનામાં ઈન્ફેક્શનની શક્યતા ખુબ વધારે છે. તેનાથી આપણને મહામારીને કાબૂમાં લેવામાં મદદ મળશે અને સંક્રમિત દર્દીઓની સંખ્યામાં ઘટાડો થશે.

બીજુ એ કે આ દરમિયાન એક સમય એવો પણ આવશે કે જ્યારે આપણે હર્ડ ઈમ્યુનિટી મેળવી લઈશું. લોકો પણ મહેસૂસ કરશે કે તેમનામાં ઈમ્યુનિટી આવી ગઈ છે. આવી સ્થિતિમાં રસીની જરૂર નહીં પડે. જો વાયરસ મ્યૂટેટ નહીં થાય અને તેનામાં કોઈ પરિવર્તન નહીં આવે તો રસીની જરૂર પડશે કારણ કે ફરીથી સંક્રમણનું જોખમ રહેશે. તેમણે કહ્યું હતું કે, જો વાયરસ મ્યૂટેટ નહીં થાય અને તેનામાં કોઈ ફેરફાર નહીં આવે તો લોકો કદાચ રસી મૂકાવવા અંગે ફરીથી ન પણ વિચારે અને આ કારણે રસીની જરૂરિયાત ઓછી રહી શકે છે.

તેમણે કહ્યું હતું કે, સરકાર મોટા પાયે કોવિડ-૧૯ ક્લિનિક વિક્સિત કરવા પર આક્રમક રીતે કામ કરી રહી છે. જિલ્લા સ્તરે અને મેડિકલ કોલેજોમાં કામ ચાલી રહ્યું છે જ્યાં લોકોને મદદ કરવામાં આવી રહી છે. અહીંથી જ લોકોને ધ્યાન, યોગ કરવાની સલાહ અપાય છે. આ એક વ્યાપક યોજના છે જેમાં એલોપેથિક, યોગ અને આયુર્વેદિક દવાઓથી સારવાર થાય છે.

### વિધાનસભા ચૂંટણી પહેલાં પ.બંગાળમાં રાષ્ટ્રપતિ શાસનની માંગ ઊઠી

*કોલકાત્તા,તા.૧૩*

પશ્ચિમ બંગાળમાં એપ્રિલ-મેમાં વિધાનસભા ચૂંટણી યોજાવાની છે. તે પહેલાં જ રાષ્ટ્રપતિ શાસન લાદવાની માગ ઊઠી છે. તૃણમુલ કોંગ્રેસમાં જુથબંધીથી પરેશાન મુખ્યમંત્રી મમતા બેનરજી માટે આ સ્થિતિ માથાનો દુઃખાવો સમાન છે.

ભાજપે તેની તરફેણ કરી છે અને રાજયપાલ જગદીપ ધનખડે રાજકીય હિંસા અંગે સવાલો ઊઠાવ્યા છે. સાથે બંધારણ મુજબ પગલાં લેવાની માગ કરી છે.

પશ્ચિમ બંગાળમાં જે પણ થઈ રહ્યું છે તે આગામી ચૂંટણીને ધ્યાનમાં રાખી થઈ રહ્યું હોવાનું રાજકીય વર્તુળોનું માનવું છે. હવે રાજકીય હિંસાના નામે રાષ્ટ્રપતિ શાસન લાદવાની ચર્ચા વેગ પકડી રહી છે.

વડાપ્રધાન મોદીએ પણ બિહારના વિજયની ઉજવણીમા નામ લીધા વિના કહ્યું હતું કે, 'મોતનો ખેલ ખેલીને મત મળતા નથી.'વડાપ્રધાને સાંકેતિક ભાષામાં મમતા સરકારને ચેતવણી આપી છે. ૫-૬ મહિના પછી થનારી ચૂંટણી પહેલાં જ ભાજપે મમતા સરકારને ઘેરવાની રણનીતિ બનાવી લીધી છે. જેના ભાગરુપે ગૃહમંત્રી થોડા દિવસ પહેલાં બે દિવસની કોલકાતાની મુલાકત લઈ આવ્યા.

પશ્ચિમ બંગાળના રાજ્યપાલ જગદીપ ધનખડે કહ્યું કે બંગાળમાં રાજકીય હિંસા રોકાવવાનું નામ જ લઈ રહી નથી. અહીં વિપક્ષનો અવાજ દબાવવામાં આવી રહ્યો છે. અધિકારીઓ રાજકીય કાર્યકરાત બની ગયા છે. લોકતંત્રમાં આ યોગ્ય નથી.

### ૧૫મીએ એનડીએની વિધાયક દળની બેઠક થશે

# બિહારના મુખ્યમંત્રીનો નિર્ણય દિવાળી પછી, ૧૫ નવેમ્બરે એનડીએ વિધાયક દળની બેઠક મળશે

*પટના,તા.૧૩*

બિહાર વિધાનસભાની ચૂંટણીમાં બહુમતિ મેળવ્યા બાદ એનડીએની આજે પટણામાં મળેલી બેઠક પૂરી થઈ ગઈ છે. જોકે તેમાં બિહારમાં સરકાર બનાવવા અંગે કોઈ નિર્ણય લેવાયો નથી.

બેઠક બાદ નિતિશ કુમારે મિડિયાને કહ્યુ હતુ કે, ૧૫ નવેમ્બરે બપોરે ફરી એક વખત એનડીએના તમામ ધારાસભ્યોની બેઠક બોલાવવામાં આવશે. એનડીએના ચૂંટાયેલા ધારાસભ્યો નવી સરકાર અંગે નિર્ણય લેશે. ધારાસભ્યો પોતાના નેતાની પસંદગી કરશે અને નવી સરકારની રુપરેખા પણ નક્કી કરશે.

દરમિયાન હાલની સરકારની અંતિમ બેઠક આજે સાંજે ચાર વાગ્યે થનાર છે.જેમાં નિતિશ કુમાર હાલની વિધાનસભા ભંગ કરવા માટે રાજયપાલને ભલામણ કરશે.આ દરેક ચૂંટણી બાદ થતી પ્રક્રિયા છે.જેનુ પાલન કરવામાં આવશે.બિહારમાં નવી સરકારની રચના મુખ્યમંત્રી નિતિશ કુમારના નેતૃત્વ હેઠળ જ કરવામાં આવશે.નિતિશ કુમારની હાલની કેબિનેટના આઠ મંત્રીઓને આ વખતે ચૂંટણીમાં હારનો સામનો કરવો પડ્યો છે.એટલે એટલુ તો નક્કી જ છે કે, આ આઠ મંત્રાલયમાં નવા ચહેરાઓને તક મળશે.

નિતિશકુમારની પાર્ટી જેડીયુને આ વખતે ભાજપ કરતા ઓછી બેઠકો મળી છે.ભાજપને ૭૪ તો જેડીયુને ૪૩ બેઠકો મળી છે.મુખ્યમંત્રી તરીકે તો ભાજપે નિતિશ કુમારનુ જ નામ આગળ ધર્યુ છે પણ કેબિનેટની રચનામાં ભાજપને વધારે પ્રતિનિધિત્વ મળે છે કે કેમ તે જોવાનુ રહેશે.

### વ્હાઈટ હાઉસમાંથી વિદાય પહેલાં ટ્રમ્પનો ચીનનો ઝટકો

# ટ્રમ્પે ચીની કંપનીઓમાં અમેરિકી રોકાણ પર પ્રતિબંધ લગાવ્યો



વોશિંગ્ટન,તા.૧૩

અમેરિકાની રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ડૉનાલ્ડ ટ્રમ્પનો પરાજય થયો છે. આગામી બે મહિનાની અંદર બાઈડેન શપથ ગ્રહણ કરશે. એટલે કે બીજા અર્થમાં કહીએ તો અમેરિકામાં ટ્રમ્પ સરકાર હવે બે મહિનાની જ મહેમાન છે. પરંતુ જતા જતા પણ રાષ્ટ્રપતિ ડૉનાલ્ડ ટ્રમ્પ ચીનને આકરો ઝાટકો આપવાનું નથી ચુક્યા.

ટ્રમ્પ સરકારે એક કાર્યકારી આદેશ બહાર પાડી ચીનની કંપનીઓમાં અમેરિકી રોકાણ પર પ્રતિબંધ લગાવી દીધા છે. ટ્રમ્પ પ્રશાસન દ્વારા આપવામાં આવેલા આ આદેશમાં ૩૧ ચીની કંપનીઓના નામ જાહેર કરવામાં આવ્યા છે.

આ આદેશ પ્રમાણે એવી ચીની કંપનીઓમાં અમેરિકા દ્વારા રોકાણ નહીં કરવામાં આવે જે કોઈ પણ રૂપમાં ચીનની સેના સાથે જોડાયેલી હોય. આ પગલું અમેરિકાની રોકાણ પેઢી, પેન્શન ફંડ અને અન્યને ૩૧ ચીની કંપનીઓના શેર ખરીદવા સામે મનાઈ ફરમાવી દેવામાં આવી છે. જેને રક્ષા વિભાગ તરફથી ચીની સેના સમર્થીત કંપનીનો કરાર આપવામાં આવ્યો છે.

ડોનાલ્ડ ટ્રમ્પના આ નિર્ણયના કારણે ચીનને ઘણું મોટુ નુકશાન ઉઠાવવાનો વારો આવશે. તેમાં પણ ખાસ કરીને ચાઈના ટેલિકોમ કોર્પ લિમીટેડ, ચાઈના મોબાઈલ લિમીટેડ અને સર્વિલાંસ ડિવાઈસ નિર્માતા Hikvision સૌથી વધારે ગંભીર અસર થશે. આ આદેશ આવનારા વર્ષના ૧૧ જાન્યુઆરી સુધી અમલી રહેશે અને તે બાદ અમેરિકી રોકાણકારોની યાદીમાં ચીની કંપનીઓમાં રોકાણ નહીં કરી શકે.

વ્હાઈટ હાઉસ દ્વારા જાહેર કરવામાં આવેલા આદેશમાં જણાવાયું છે કે, ચીન પોતાની સેના, ગુપ્તચર તંત્ર અને અન્ય સુરક્ષા એજન્સીઓને મજબુત બનાવવા અને તેના આધુનિકીકરણ માટે ઘણા સમયથી અમેરિકાના નાણાંનો ઉપયોગ કરી રહ્યું હતું. પણ હવે આવું ચાલશે નહીં.

રાષ્ટ્રપતિ ચૂંટણીમાં જો બાઈડેનના હાથે મળેલી હાર બાદ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લેવામાં આવેલો પહેલો આ મોટો નિર્ણય છે. જેના પરથી અંદાજ લગાવી શકાય કે ટ્રમ્પ સત્તા હસ્તાંતરણ પહેલા પણ ચીન સામે કાર્યવાહી કરવાની કોઈ જ તક જતી કરવા માગતા નથી.

### રશિયાનો પાકિસ્તાનને તમાચો, ભારતને આપ્યો સાથ

# શાંઘાઈ સહયોગ સંગઠનની બેઠકમાં કાશ્મીર જેવા દ્વિપક્ષી મુદ્દા ઉઠાવવામાં ન આવે

ન્યુ દિલ્હી,તા.૧૩

પરંપરાગત મિત્ર રશિયાએ ફરી એકવાર ખુલીને ભારતનો સાથ આપ્યો છે. રશિયાએ ભારતની એ વાતનું સમર્થન કર્યું હતું કે, શાંઘાઈ સહયોગ સંગઠનની બેઠકમાં કાશ્મીર જેવા દ્વિપક્ષીય મુદ્દા ના ઉઠાવવામાં આવે. રશિયાએ પાકિસ્તાનને રોકડું પરખાવતા કહ્યું હતું કે, આમ કરવું સંગઠનના મૂળ સિદ્ધાંતોની વિરૂદ્ધ છે.

એસસીઓની મંગળવારે યોજાયેલી વર્ચુઅલ સમિટમાં સંબોધન કરતા પીએમ મોદીએ પાકિસ્તાનને સ્પષ્ટ સંદેશ આપ્યો હતો. પીએમ મોદીએ કહ્યું હતું કે, એસસીઓની બેઠકમાં બીનજરૂરી રીતે દ્વિપક્ષીય મુદ્દા ઉઠાવવાનો પ્રયાસ સંગઠનના મૂળ સિદ્ધાંતનું ઉલ્લંઘન છે. પીએમ મોદીનો ઈશારો સ્પષ્ટ રીતે પાકિસ્તાન તરફ હતો. થોડા દિવસ પહેલા પાકિસ્તાને એસસીઓની બેઠકમાં કાશ્મીર મુદ્દો ઉઠાવવાનો પ્રયાસ કર્યો હતો.

રશિયાના ડેપ્યુટી ચીફ ઓફ મિશન રોમન બાબૂશ્કીને મીડિયા બ્રિફિંગમાં કહ્યું હતું કે, એસસીઓના ચાર્ટરમાં એ વાત સ્પષ્ટ રૂપે કહેવામાં આવી હતી કતી કે બેઠકના એજંડામાં દ્વિપક્ષીય મુદ્દાઓના ના ઉઠાવવામાં આવે. અમે તમામ સભ્ય દેશોને પણ સ્પષ્ટ કર્યુ છે કે, બહુપક્ષીય સહયોગને પ્રોત્સાહન આપતી આ બાબતોથી બચવુ જોઈએ.

રશિયાના ડેપ્યુટી ચીફ ઓફ મિશનને સવાલ કર્યો હતો કે, શું એસસીઓના અધ્યક્ષ હોવાના નાતે તેને પાકિસ્તાન સામે આ મુદ્દો ઉઠાવ્યો હતો? રોમન બાબૂશ્કિને કહ્યું હતું કે, જયાં સુધી ભારત-પાકિસ્તાન વિવાદનો સવાલ છે ત્યાં સુધી અમારૂ વલણ એકદમ સ્પષ્ટ છે. અમને આશા છે કે, ભવિષ્યમાં આ પ્રકારની ઘટનાઓ નહીં ઘટે.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક (સાહિત્ય સરિતા- આયોજક પ્રદીપ રાવલ..સ્પર્ધા સંચાલક : જીજ્ઞા કાપુરિયાં.. એડમીન પેનલ

**હૂંફાળી ક્ષણો**

હૂંફાળી ક્ષણો એટલે એવી સુખદ ક્ષણો કે એવા અનુભવો, જે આપણને આજીવન યાદ રહેવાના છે. મમ્મીના ખોળામાં માથું મૂકીને વિતાવેલો સમય, પત્ની સાથે હિંચકા પર બેસીને પીધેલી ચા, આપણા વાળમાં દીકરીના હાથે તેલ નંખાવવું, પપ્પા સાથે કોઈ જોક્સ શેર કરીને ખડખડાટ હસવું

જિવનની યાદગાર ક્ષણોને યાદ કરી આનંદ મેળવવો બહુ સરળ છે. 'ફ્રિઝમાંથી કાઢેલી કંટાળાજનક અને થીજી ગયેલી જિંદગીને, ગમતા આત્મિય જન ની હૂંફ પર ધીમા તાપે સીજવીને એમાં સ્વાદ-અનુસાર દરેકનો થોડો થોડો સમય ઉમેરીને, આ મિશ્રણને નવરાશની પળોમાં પ્રેમથી હલાવવું. થોડી જ વારમાં કાચી રહી ગયેલી જિંદગીમાંથી એક સ્વાદિષ્ટ વાનગી બની ગયાની સુવાસ આખા ઘરમાં અને જીવનમાં ફેલાય જશે. મજબૂરી કહો કે શીખ, આદેશ કહો કે શિસ્ત પણ હકીકત એ છે કે ઘરે રહીને યાદગાર ક્ષણો બનાવવાનો આવો ચાન્સ આપણને હજારો વર્ષોમાં એકવાર મળતો હોય છે. આવું ઈતિહાસમાં પહેલા ક્યારેય નથી થયું અને કદાચ થશે પણ નહીં. પરંતુ આપણે વૃદ્ધ થશું, ત્યારે આપણા પૌત્ર અને પૌત્રીઓને આપણે 'કોરોના-સંસ્કારની વાર્તાઓ કહેતા હશું. કોરોના એક તાકીદ છે કે કદાચ આપણે ખોટી દિશામાં દોડી રહ્યા છીએ. જે પામવાની દોડમાં, ઘર છોડીને રોજ સવારે આપણે નીકળી પડીએ છીએ, હકીકતમાં એ પામવા જેવું બધું 'ઘરમાં જ છે. અત્યાર સુધી જેમને માટે કમાયા છીએ, હવે એમને કમાવાનો સમય છે. આ વિશ્વમાં ઘરથી વધારે હૂંફાળું અને રમણીય બીજું કશું જ ન હોય શકે, અને આ પ્રતીતિનો શ્રેય કોરોનાને જાય છે.

-જો મમ્મી હોમ-મેકર હોય, તો પપ્પા મેમરી-મેકર છે. યાદગાર ક્ષણોનું બાંધકામ કરવાનો આ શ્રેષ્ઠ સમય છે. બાળકો સાથે એટલો સમય વિતાવીએ કે 'મમ્મી કે પપ્પા' પર એ નિબંધ નહીં, એક પુસ્તક લખી શકાય????

સંપાદક "મન" કેનેડા

---

**જિવન યાત્રા**

જદગી મળી છે અણમોલ અલબેલી
છે જિવન યાત્રા જે ઇશ્વરે બક્ષેલી
છે અદભૂત રસિલી રસમય
માણવા જેવી
નહીં માત્ર આંસુ સારવાની
આંખથી એને છે વાંચવા જેવી
ક્યાંક દુખ તો ક્યાંક સુખ દેનારી
છે જન્મ મરણ નો અતૂટ સેતુ
કરેલાં કર્મ ને ખપાવવાનો હેતુ
જિંદગી જેમ જેમ ઓછી થાય
એમ એમ વધારે ગમતી જણાય
દસ્તુર કેવો દુનિયાદારીનો જણાય
પોતાના હોય તે મોં ચઢાવી અબોલા
બેસે
હશે પારકા જે સ્નેહિ તે દિલને રિજાવી
દેશે
અજાણ્યા સાથે મનમાં ના
કોઇ રંજ જણાય
જેને દિલમાં વસાવ્યા મમતાથી
તે રડાવી જાય
નથી સમય જિવિત માનવ સંગ
બેસવાનો
રુઢી નિભાવે માનવ માનવના
મરણ પછી "બેસણાનો "
ઇશ્વર તમારા ઘરે આવે તે
સહુને ગમતું
ઇશ્વર બોલાવે નિજ ધામ પણ
કોઇને નથી ગમતું
અરે જિંદગી તું જેમ જેમ ઘટતી
જાય છે
એમ એમ કોણ જાણે વધારે
ગમતી જણાય છે
"મન"કનેડા

---

**જિવન નું લક્ષ**

લક્ષ વિનાનું જિવન છે ઉલઝન
દિલમાં જાગે ઇચ્છાઓ પ્રબળ
કરે મનોરથ અપાર થયું વ્યસન
નથી કોઇ લક્ષ જે છે ઇચ્છાશીલ
કરવી ઇચ્છા સ્વશક્તિ અનુરુપ
મળે કદિ આકસ્મિક અસફળતા
કરો સ્વિકાર છોડી અતિ કામના
હટાવો અસંતોષ છોડી લાલસા
જટિલ જિવન માં આવે સરલતા
રાખો જિવનનું લક્ષ સ્થિરઅતૂટ
બનશે જિવન મધુરુ ને અદભુત
"મન" કેનેડા

---

**સંતોષ**

મનુષ્યના મનમાં સંતોષ હોવો
સૌથી મોટું સ્વર્ગથી એ અધિક
સુખ છે
મનુષ્ય સ્વ કામનાઓને બધી
તરફથી સમીટ લે (જેમ કાચબો પોતાના
અંગોને સંકોરે છે તેમ)
તો જ્યોતિ સ્વરુપ આત્મા
અંતઃકરણમાં પ્રકાશિત થઇ
જાય છે
કોઇ થી ભય પામતો નથી કે
કોઇને જિવ ને ભય પમાડતો નથી , રાગ
અને દ્વેષ મુક્ત બને
કોઇ પ્રત્યે દ્રોહ ના કરે કે કોઇની
અભિલાષા ના રાખે તો શાન્તિ
તથા આત્મ સુખ પ્રાપ્ત કરે છે
"મન"શુધ્ધાત્મા થાય છે
" મન " કેનેડા (મનહરભાઈ વ્યાસ)

---

રંગોળી માં પૂરજો રંગ સરસ....
કે રંગીન થઈ જાશે ધનતેરસ....
રહેજો હંમેશા લાગણી ને વશ...
કે શુભ થઇ જાશે કાળીચૌદસ...
સળગાવી નાખજો નફરત ની પાળી...
કે ચમકાવતી જાશે જિંદગી દિવાળી
રાખજો ને આપજો હર્ષ સામે હર્ષ...
કે ખરેખર ખીલી જાશે નૂતન વર્ષ...
સંબંધોમાં કદી રાખવી ના ખીજ...
કે ઉમંગોથી છલકી જાશે ભાઈબીજ્પ
દિલ થી દિલ સુધી બાંધજો બ્રીજ...
કે મહેકતી રહેંશે હંમેશા ત્રીજ...
હરખ થી થઈ જાવ લોથપોથ...
કે ખુશીઓ થી ભરાઈ જાશે ચોથ...
"પ્રેમ" ની મુલાયમ પાથરી જાજમ...
વીતાવજો એકમેકથી
લાભ પાંચમ...

યુસુફભાઇ એ પરાસરા જીએસઆર ટીસી જામનગર

## સવાયા શબ્દના ઉપાસકને શબ્દાંજલિ..

ફાધર વાલેસ આજે શબ્દ લોકથી સ્વર્ગલોક તરફ પ્રયાણ કર્યું છે ત્યારે ફાધરના વાચકો વિદ્યાર્થીઓ ભાવકો સ્તબ્ધ બની ગયા છે. ફાધર વાલેસ નવેમ્બર ચાર ૧૯૨૫ના રોજ સ્પેનના લોગ રોના માં જમ્યા હતા. ૧૯૯૦માં માતાની સેવા કરવા માટે ગુજરાત છોડ્યું હતું. આજ નવેમ્બર મહિનામાં તેમણે ૯૫ વર્ષનું જીવન પૂર્ણ કર્યું હતું. ગુજરાતી ભાષા માટે તેમણે પોતાની જાત ઘસી કાઢી હતી. અને તેમને લોકો સવાયા ગુજરાતી તરીકે ઓળખવા લાગ્યા હતા. ફાધર વાલેસે ગુજરાતી ભાષા માટે લગભગ ૭૦ પુસ્તકો અને અંગ્રેજીમાં ૨૪, અને સ્પેનિશ માં ૪૨ પુસ્તકો લખ્યા. તેમણે પોતાના જીવનમાં મા-બાપને ખૂબ મોટું સ્થાન આપ્યું છે. એટલે જિંદગીનો છેલ્લો દસકો એમને એમની માતાની સેવા કરવા માટે વ્યતિત કર્યો. ફાધર વાલેસ ભલે જન્મે પરદેશી હોય પરંતુ તેઓ ભારતીય તહેવારો ની રંગેચંગે ઉજવણી કરતા હતા. પ્રત્યેક તહેવારો પાછળ નું ચિંતન તેઓ કરતા હતા. પ્રત્યેક તહેવારનો મર્મ સમજી ને તેનું યોગ્ય રીતે ઉજવણી થવી જોઈએ એવું તેઓ માનતા હતા. ગુજરાતી સાહિત્યને એમને ખોટ ખૂબ જ સાલસે. એમનુંગણિત અને ગુજરાતી સાહિત્ય પ્રત્યે અજબનું સાયુજ્ય સર્જાયું હતું. ફાધર વાલેસે ગણિત જેવા અઘરા વિષયને હૃદયથી જોડીને સરળ બનાવ્યું હતું. એવું ગણિત મુખ્ય વિષય સાથે અનુસ્નાતક હતા. તેમની એક આંખમાં ગણિત અને બીજી આંખમાં ગુજરાતી વસ્તુ હતું. એમણે વિપુલ પ્રમાણમાં સાહિત્યસર્જન કર્યું હતું. સદાચાર, આંતર કથા, લગ્ન સાગર, પરદેશ, ગાંધીજી અને નવી પેઢી એવા અગણિત ગુજરાતી ભાષામાં પુસ્તકો આપ્યા છે.

કવિ વિવેચક એવા યોસેફ મેકવાને સરસ શ્રદ્ધાંજલિ આપી છે.

શાંત સરળ અને સૌમ્ય સ્વભાવે વ્યવહારે રળિયાત, સ્પેન દેશના તમે નિવાસી સોહ્યા અમ ગુજરાત!!! પાક ગુજરાતી થઈને તમે તો સહુ પર વરસ્યા વહાલ, માનવતાનો ધર્મ પ્રબોધ્યો, મોહ વાણી કમાલ!! વિહાર યાત્રા ઘરે ઘરે કરી સિંચ્યા છે સંસ્કાર, અમારી જેમ બની રહ્યા હતા રાખ્યો ન ભાર લગાર. સ્મરણ તમારા હદયે થશે, સ્મિત ભર્યો શો ચહેરો રહેશે, નયન મહીં મલકતો કહેતો સાથ રહ્યો અનેરોપ

કુમારચંદ્રક અને રણજિતરામ સુવર્ણચંદ્રકથી ફાધર સન્માનિત હતા. ગણિત જેવા અઘરા વિષયને સાહિત્યના સ્તરે પહોંચાડનાર આ સવાયા ગુજરાતી ને શત શત નમન.

દિલીપ વી ઘાસવાળા. સુરત.



જન્મભૂમિ પહોંચીને યોગીએ રામલલાની પૂજા કરી, સાંજે રામ કી પૈડીથી દીપોત્સવનો પ્રારંભ કરશે ફોટો સ્ટોરી કુશલ ભટ્ટ

### ઑક્ટોબરમાં છૂટક મોંઘવારી દર ૭.૬૧% નોંધાયો

# ઓક્ટોબરમાં છૂટક મોંઘવારી દર ૭ વર્ષના સૌથી ઉચ્ચત્તમ સ્તરે

ન્યુ દિલ્હી,તા.૧૩

ભારતમાં છૂટક મોંઘવારી દર ઑક્ટોબરમાં ૬ વર્ષના સૌથી ઉચ્ચતમ સ્તર પર પહોંચ્યો હતો. મિનિસ્ટ્રી ઓફ સ્ટેટિક્સ એન્ડ પ્રોગ્રામ ઈમ્પલેમેન્શન અનુસાર મે ૨૦૧૪ પછી ઓક્ટોબર ૨૦૨૦માં સૌથી વધુ મોંઘવારીની માર પડી છે. ઓક્ટોબર ૨૦૨૦માં કન્ઝયુમર પ્રાઈસ ઈન્ડેક્સ - સીપીઆઇ પર આધારિત રિટેલ મોંઘવારીનો દર ૭.૬૧ ટકા રહ્યો છે જે સપ્ટેમ્બર ૨૦૨૦ માં ૭.૨૭ ટકા હતો



ખાદ્ય પદાર્થોના ભાવમાં ભારે વધારો થવાને કારણે ઓક્ટોબરમાં સીપીઆઇ ૭.૬૧ ટકા સુધી પહોંચી ગયો છે. આ સમયગાળા દરમિયાન ફૂડ ઈન્ફલેશન ૧૧ ટકા પર પહોંચી ગયો છે.શાકભાજી અને કઠોળના ભાવમાં વધારાને કારણે છ વર્ષમાં છૂટક મોંઘવારી સૌથી વધારે થઇ ગયો છે. સરકારે આરબીઆઇને રિટેલ મોંઘવારીના દરને ૨ થી ૬ ટકાની રેન્જમાં રાખવા જણાવ્યું છે. મોંઘવારીનો દર ૬ ટકા કરતા વધારે છે તો લોકો પર મોંઘવારીથી અસર પડી છે.

છૂટક મોંઘવારીના વધેલા સ્તરથી આવનારા સમયમાં વ્યાજ દર અનુકૂળ રહેવાની આશા ઉપર પાણી ફરીવળ્યું છે. મોંઘવારીને કારણે રિઝર્વ બેક્ર ઑફ ઈન્ડિયા માટે વ્યાજના દરમાં ઘટાડો ગ્રોથને બૂસ્ટ આપવાનો પ્રયાસ વધુ મુશ્કેલ બની શકે છે. ખાદ્ય ચીજોને સસ્તી થવાથી ઓગસ્ટ ૨૦૨૦ માં છૂટક મોંઘવારીમાં થોડી રાહત હતી અને તે જુલાઈમાં ૬.૭૩ ટકાના સ્તરથી ઓછી થઈને ૬.૬૯ ટકા પર આવી ગઈ હતી. સપ્ટેમ્બર અને ઓક્ટોબરમાં એકવાર ફરી છૂટક મોંઘવારી દર વધ્યો છે.

# કુદરતી આફતોથી પ્રભાવિત છ રાજ્યોને આર્થિક સહાયનું એલાન

ન્યુ દિલ્હી,તા.૧૩

કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહના નેતૃત્વમાં ઉચ્ચસ્તરીય સમિતિએ નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ-એનડીઆરએફ હેઠળ છ રાજ્યોને ૪,૩૮૧.૮૮ કરોડ રુપિયાની આર્થિક સહાય આપવા અંગે મંજૂરી આપી દીધી હતી. આ રાજ્યોમાં સામેલ અને ચક્રવાતી તોફાન એમ્ફાનથી પ્રભાવિત પશ્ચિમ બંગાળને ૨,૭૦૭.૭૭ કરોડ રુપિયાનું આર્થિક સહાય ફંડ, ઓડિશાને ૧૨૮.૨૩ કરોડ રુપિયાનું સહાય ફંડ આપવામાં આવશે. તોફાન નિસર્ગથી પ્રભાવિત થયેલા મહારાષ્ટ્રને ૨૬૮.૫૯ કરોડ રુપિયાનું આર્થિક સહાય ફંડ આપવામાં આવશે.

દક્ષિણ-પશ્ચિમ મોનસૂન દરમિયાન પૂર અને ભૂસ્ખલનનો સામનો કરનારા કર્ણાટકને ૫૭૭.૮૪ કરોડ રુપિયાનું ફંડ, મધ્ય પ્રદેશને ૬૧૧.૬૧ કરોડ રુપિયાનું ફંડ અને સિક્કિમને ૮૭.૮૪ કરોડ રુપિયાના ફંડની આર્થિક સહાય કરવામાં આવશે.

આ વર્ષે આ રાજયોમાં ચક્રવાતી તોફાનો સાથે પૂર અને ભૂસ્ખલનનો પ્રકોપ રહ્યો હતો. ચક્રવાતી તોફાન એમ્ફાનની તબાહી પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પશ્ચિમ બંગાળ અને ઓડિશાની મૂલાકાત લેતાં બંગાળને ૧૦૦૦ કરોડની આર્થિક સહાય અને ઓડિશાને ૫૦૦ કરોડ રુપિયાની આર્થિક સહાયની જાહેરાત કરી હતી. ૨૩મે આ આર્થિક સહાય ફંડ રાજ્યોને પહોંચાડવામાં આવ્યું હતું. આ સિવાય કુદરતી આફતોમાં જીવ ગુમાવેલા મૃતકોના પરિવારને બે લાખની મદદ અને ઈડાગ્રસ્તોને ૫૦ હજાર રુપિયાની આર્થિક મદદનું એલાન પણ કર્યું હતું.

કુદરતી આફતો પછી રાહત માટે તમામ ૬ રાજયોમાં કેન્દ્ર સરકારે ઈન્ટર મિનિસ્ટ્રિરિયલ સેન્ટ્રલ ટીમની રચના કરવામાં આવી હતી.



નવા વર્ષની પૂર્વ સંધ્યાએ દિવાળીના તહેવાર દરમિયાન સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૧ અંતર્ગત મહાનગર પાલિકા દ્વારા સ્વચ્છતાનો સંદેશ આપવા માટે સેક્ટર ૨૨માં પંચદેવ મંદિર પર વિશાળ રંગોળી દોરવામાં આવતા મેયરશ્રી રીટાબેન પટેલના હસ્તે ખુલ્લી મુકવામાં આવી હતી. મંદિર પર આવતા દર્શનાર્થીઓ માટે રંગોળી આકર્ષણનું કેન્દ્ર બની હતી.

## દ્વારકાધીશ મંદિર દ્વારકામાં દીપોત્સવ પર્વની ઉજવણી શરૂ

દ્વારકા,તા.૧૩

દ્વારકાધીશ મંદિર દ્વારકામાં દીપોત્સવીના પર્વ દરમ્યાન દીપોત્સવી ઉત્સવ યોજાશે. જે માટે દીપાવલી તથા નૂતન વર્ષને ધ્યાને લઇ તા.૧૩ થી ૧૬ નવેમ્બર દરમ્યાન શ્રીજીના દર્શનનો કાર્યક્રમ દ્વારકાધીશ મંદિરના વહીવટદાર અને પ્રાંત અધિકારી દ્વારકા દ્વારા જાહેર કરાયો છે. કોવિડ-૧૯ના સંક્રમણને અટકાવવાના હેતુસર સોશિયલ ડિસ્ટન્સ જાળવી માસ્ક પહેરી ગૃહમંત્રાલય દ્વારા જાહેર કરાયેલ ગાઇડલાઇનનું ચૂસ્ત પાલન કરી દર્શનનો લાભ લેવા દ્વારકાધીશ મંદિરના વહીવટદાર દ્વારા અનુરોધ કરાયો છે. તા ૧૪ના કાળી ચૌદસના અને દીપાવલીના દિવસે મંગલા આરતી સવારે ૫:૩૦, શ્રીજી દર્શન નિત્યક્રમ મુજબ,અનૌસર(મંદિર બંદ) બપોરે ૧:૦૦ કલાકે, ઉત્થાપન દર્શન સાંજે ૫:૦૦ કલાકે જ્યારે હાટડી દર્શન રાત્રે ૮:૦૦ થી ૮:૩૦ સુધી અને ૯:૪૫ મંદિર બંધ થશે. તા-૧૫ રવિવારના નુતનવર્ષ અન્નકૂટ ઉત્સવના દિવસે મંગલા આરતી સવારે ૬:૦૦ કલાકે,શ્રીજી દર્શન નિત્યક્રમ મુજબ,અનૌસર(મંદિર બંદ) બપોરે ૧:૦૦ કલાકે, અન્નકુટ દર્શન સાંજે ૫:૦૦થી ૭:૦૦ કલાક સુધી અને રાત્રે ૯:૪૫ અનોસર (મંદિર બંધ).

# સાળંગપુર હનુમાનજીને ૬.૫ કરોડ રૂપિયાના સુવર્ણ-હીરા જડિત વસ્ત્રો થશે અર્પણ

બોટાદ,તા.૧૩

દિવાળી પર્વને લઈ સાળંગપુર હનુમાનજી મંદિર ખાતે કાળી ચૌદસની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. હનુમાન દાદાને ૮ કિલો સોનામાંથી બનેલા સુવર્ણ વસ્ત્રો દાદાને અર્પણ કરવામાં આવશે. યજ્ઞ સહિત દાદાને અન્નકોટ સહિતના અલગ અલગ કાર્યક્રમો યોજાશે. આ વર્ષે કાળી ચૌદસના દિવસે બપોર બાદ દિવાળીનો દિવસ શરૂ થતો હોય ચોપડા પૂજન, લક્ષ્મી પૂજન,દીપોત્સવ સંધ્યા આરતી અને રાત્રે આતશબાજીનું આયોજન કરવામાં આવશે. આ વર્ષે સાળંગપુર હનુમાનજી મંદિર ખાતે કાળી ચૌદસ ખૂબ મહત્વની માનવામાં આવે છે. કારણ કે આ વર્ષે ભક્તો દ્વારા હનુમાનજી દાદા ને ૬.૫ કરોડ ના ખર્ચે બનાવવામાં આવેલ હીરા જડિત સુવર્ણ વસ્ત્રો અર્પણ કરવામાં આવશે.અને અદાજે ૮ કિલો સોનામાંથી આ વસ્ત્રો બનાવામાં આવ્યા છે.



સુવર્ણ વાઘાની પ્રથમ ડીઝાઇન કરવા માટે સ્પેશલ ડીઝાઇનરોની ટીમ અપોઇન્ટ કરવામાં આવી હતી. ઘણી બધી ડીઝાઇન બનાવી-તપાસી-સમયાંતરે સંતોના માર્ગદર્શનથી ફાઈનલ ડીઝાઇન તૈયાર કરવામાં આવી હતી. બોટાદ જિલ્લાના બરવાળા તાલુકામાં આવેલ સાળંગપુર ગામ અને સાળંગપુર માં આવેલ વિશ્વ વિખ્યાત હનુમાનજી દાદા નું આ કષ્ટભજન મંદિર કે જ્યાં હજારો, લાખો ની સંખ્યામાં અહીં દાદા ના દર્શન કરવા ભક્તો આવતા હોય છે. શ્રધ્ધા નું બીજું નામ એટલે સાળંગપુર ધામ. એવા સાળંગપુર ધામના હનુમાનજી દાદાની રાત્રી એટલે કાળી ચૌદસ આ દિવસનું અહીં ખૂબ મોટું મહત્વ હોય છે. કાળી ચૌદસનાં દિવસે સવારે મંગળા આરતી, સમૂહયજ્ઞ,અભિષેક આરતી,નું ભવ્ય આયોજન કરવામાં આવે છે.

સુવર્ણ વાઘામાં 8 KG જેટલું સુવર્ણ ઉપયોગમાં લેવામાં આવ્યું છે. લગભગ આ વાઘાને સંપૂર્ણ રીતે તૈયાર થતા ૧ વર્ષ જેટલો સમય લાગ્યો છે. સુવર્ણ વાઘાને તૈયાર કરવામાં ૨૨ જેટલા મુખ્ય ડીઝાઇનર આર્ટીસ્ટ સાથે મળી ૧૦૦ જેટલા સોનીઓએ કામ કર્યુ છે. અને તૈયાર થવામાં આશરે ૧૦૫૦ કલાક જેટલો સમય લાગ્યો છે. સુવર્ણ વાઘા એ અર્વાચીન,પ્રાચીન સુવર્ણ કળાનું કોમ્બીનેશન છે. રીયલ ડાયમંડ,એમરલ્ડ સ્ટોન અને રિયલ રુબી જડેલું છે. જેમાં ડીડબલ્યુઓઆરકે- બિકાનેરી મીણો- પેન્ટીંગ મીણો- ફિલીગ્રી વર્ક - સોરોસ્કી જડેલું છે. આ ઉપરાંત વાઘામાં એન્ટીક વર્ક - રિયલ મોતી જડવામાં આવ્યા છે. આ વાઘા સ્વામિનારાયણ જ્વેલર નામક પ્રસિધ્ધ કંપની પાસે બનાવવામાંઆવ્યા છે.

## શેર બજારમાં જોવા મળી રોનક, ૪3,000 પોઈન્ટ ઉપર બંધ થયું સેન્સેક્સ

મુંબઇ,તા.૧૩

આજે સપ્તાહના અંતિમ ટ્રેડિંગ દિવસે એટલે કે શુક્રવારે શેરબજારમાં રોનક જોવા મળી અને તેજી સાથે બંધ થયું. બોમ્બે સ્ટોક એક્સચેંજનો અગ્રણી ઈન્ડેક્સ સેન્સેક્સ ૦.૨૦ ટકાના વધારા સાથે ૮૫.૮૧ પોઇન્ટ વધીને ૪૩૪૪૩ પર બંધ રહ્યો છે. તો નેશનલ સ્ટોક એક્સચેંજનો નિફ્ટી ૦.૨૩ ટકા (૨૯.૧૫ પોઇન્ટ) વધીને ૧૨૭૧૯.૧૫ ની સપાટીએ બંધ રહ્યો.

દિગ્ગજ શેરોની વાત કરીએ તો આજે આઈશર મોટર્સ, બજાજ ફિનસવર, કોલ ઈન્ડિયા, ટાટા સ્ટીલ અને ડિવીઝ લેબના શેર લીલા નિશાન પર બંધ થયા છે. ટાટા મોટર્સ, એચડીએફસી, એલએન્ડટી, એચડીએફસી બેંક અને યુપીએલના શેર લાલ નિશાન પર બંધ થયા છે.

જો આપણે સેક્ટોરલ ઈન્ડેક્સ પર નજર કરીએ તો આજે મીડિયા અને એફએમસીજી સિવાય તમામ સેક્ટર લીલા નિશાન પર બંધ થયા છે. જેમાં પીએસયુ બેંક, ફાર્મા, આઈટી, બેંક, ખાનગી બેંક, ફાઇનાન્સ સર્વિસીસ, રીયલ્ટી, મેટલ અને ઓટોનો સમાવેશ થાય છે.

સેન્સેક્સ પર બજાજ ફાઈનાન્સ, ટાટા સ્ટીલ, આઇસીઆઇસીઆઇ બેક્ર, એક્સિસ બેક્ર અને બજાજ ફાઈનાન્સ સહિતના શેર વધીને બંધ રહ્યાં હતા. બજાજ ફાઈનાન્સ ૩.૮૪ ટકા વધીને ૭૨૯૪.૦૦ પર બંધ રહ્યો હતો. ટાટા સ્ટીલ ૨.૮૨ ટકા વધીને ૪૮૬.૫૦ પર બંધ રહ્યો હતો.

જોકે લાર્સન, એચડીએફસી, એચડીએફસી બેક્ર, ભારતી એરટેલ, ટેક મહિન્દ્રા સહિતના શેર ઘટીને બંધ રહ્યાં હતા. લાર્સન ૨.૦૪ ટકા ઘટીને ૧૦૫૧.૪૦ પર બંધ રહ્યો હતો. એચડીએફસી ૧.૦૪ ટકા ઘટીને ૨૩૦૬.૪૦ પર બંધ રહ્યો હતો.

### આવો કોઈની મદદ કરીએ દ્વારા દિવાળી ના તહેવાર નિમિત્તે

# ગરીબો અને માતા-પિતા વિનાના બાળકો ને મીઠાઈ ફરસાણ અને કરિયાણું આપવામાં આવ્યું



લોક ડાઉન પછી લોકો ની આર્થિક પરિસથિતિ નબળી બની છે, જ્યારે રોજ કમાઈ ને ગુજરાન ચલાવનાર પરિવારો ને ઘર ચલાવવા માં પણ તકલીફ પડતી જોવા મળી રહી છે, આ વાતાવરણ ને ધ્યાન માં રાખી વીર પ્રતાપ ફાઉન્ડેશન ના સ્થાપક ભૃગુવેન્દ્રસિંહ કુંપાવત દ્વારા જેકિભાઈ સુખડીયા (ક્રિષ્ના) ના સહયોગ થી જરૂરિયાતમંદ પરિવારો અને ની:સહાય બાળકો ને મીઠાઈ , ફરસાણ અને કરિયાણું આપવામાં આવ્યું,

દિવાળી અને નવા વર્ષ ના તહેવાર માં ગરીબ ના ઘરે પણ સારી રીતે તહેવાર ની ઉજવણી થાય એ અર્થે વીર પ્રતાપ ફાઉન્ડેશન ની ટીમ દ્વારા કીટો બનાવી જરૂરિયાતમંદ પરિવારો ને પહોંચાડવામાં આવી.

### સ્વચ્છતા ત્યાં પ્રભૂતાના મહામંત્રને સાકાર કરવા મહાનગર પાલિકાનો અનોખો પ્રયોગ

# સેક્ટરોમાં સ્વચ્છતાના સંદેશ સાથે લક્ષ્મીજીના પગલા કરાવાયા રહેવાસીઓ દ્વારા લક્ષ્મીજીનું ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું



ગાંધીનગર

તહેવારોના દિવસોમાં સ્વચ્છતા ત્યાં પ્રભૂતાના મહામંત્રને સાકાર કરવા મહાનગર પાલિકા અનોખો પ્રયોગ કરવામાં આવ્યો હતો. સ્વચ્છતાની વાતે જાગૃત પસંદગીના સોસાયટી, રહેણાંક વિસ્તારોને બિરદાવવા માટે લક્ષ્મીજીના પગલા કરાવવામાં આવ્યા હતાં. વસાહતીઓ દ્વારા પણ લક્ષ્મીજીનું ઉમળકાભેર સ્વાગત કરાયુ હતું. દીપાવલિના પવિત્ર તહેવાર દરમિયાન સદીઓ જૂની પ્રથાના ભાગરૂપે લક્ષ્મી દેવીને આવકારવા માટે આપણા ઘરને સ્વચ્છ કરીને સજાવીએ અને શણગારીએ છીએ. પ્રાચીન લોકકથા પ્રમાણે લક્ષ્મી દેવી આપણા સ્વચ્છ ઘરમાં પ્રવેશે છે અને આપણા પર આશીર્વાદ અને સમૃદ્ધિ વરસાવે છે.જ્યાં સ્વચ્છતા રેક્િંગના ભાગરૂપે સ્વચ્છતાના ઉચ્ચ ધોરણો અને યોગ્ય વેસ્ટ મેનેજમેન્ટનું પાલન થાય છે. સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૧ હેઠળ તેને 'સ્વચ્છ ગાંધીનગર'ના વિચાર સાથે સાંકળવામાં આવ્યો છે.૧૩ નવેમ્બર ૨૦૨૦ના રોજ સ્થાનિક સમુદાયને સામેલ કરીને સ્વચ્છતાના વિચારને આગળ વધારવામાં આવ્યો હતો. સમુદાયની નાની બાળકીઓ લક્ષ્મી દેવી તરીકે શણગાર સજીને ઢોલ નગારાના ધ્વનિ અને પુષ્પવર્ષા વચ્ચે પસંદગીની સોસાયટીઓમાં પ્રવેશ્યા હતા. આ કાર્યક્રમ સેક્ટર ૬ (ભુવનેશ્વર સોસાયટી), સેક્ટર ૨૦ (નંદનવન સોસાયટી), સેક્ટર ૨૩ (વિરાટ નગર સોસાયટી), સેક્ટર ૨૮ (કોલવાડા નગર સોસાયટી), સેક્ટર ૨૯ (જય શ્રી કૃષ્ણ પરિવાર સોસાયટી)માં યોજાયો હતો અને સોસાયટીના પ્રમુખને બિરદાવવા માટે પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા.

આવી પ્રવૃત્તિઓ દ્વારા ગાંધીનગર મ્યુ. કોર્પોરેશન એ સંદેશ આપવા માંગે છે કે સ્વચ્છતાના વિચારમાં આપણા ઘર બહારના વિસ્તારને પણ આવરી લેવા જોઈએ. આપણા આડોશપડોશના વિસ્તારની સ્વચ્છતા માટે નાગરિકોની સામૂહિક જવાબદારી છે તે વાત પર ભાર મૂકતા સ્વચ્છતા માત્ર ઘર અથવા ખાનગી જગ્યા પૂરતી મર્યાદિત હોવી ન જોઈએ. આ ઉપરાંત આખા વર્ષ દરમિયાન જાહેર સ્વચ્છતા અને આરોગ્યની જાળવણી એ મહત્ત્વની બાબત છે જેથી લક્ષ્મી દેવીના આશીર્વાદ માત્ર દિવાળીના દિવસોમાં જ નહી પરંતુ આખા વર્ષ દરમિયાન વરસતા રહેશે.

# પાલનપુર ચિલ્ડ્રન હોમ ખાતે કલેક્ટરશ્રીએ અનાથ બાળકોને ફટાકડા અને મીઠાઇ તથા યોજનાના હુકમોનું વિતરણ કર્યુ



## બનાસકાંઠા કલેક્ટરશ્રીની ઝુંબેશથી જિલ્લામાં ૧૦૨ અનાથ બાળકોને પાલક માતા-પિતા યોજનાનો લાભ મળ્યો

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

રાજય સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અંતર્ગતના નિયામકશ્રી સમાજ સુરક્ષા ખાતા હસ્તકની પાલક માતા- પિતા યોજના અંતર્ગત ૦ થી ૧૮ વર્ષના જે બાળકના માતા-પિતા મૃત્યુ પામ્યા હોય અને બાળક અનાથ થઇ ગયું હોય તેવા બાળકને અથવા બાળકના પિતાશ્રી મૃત્યુ પામ્યા હોય અને બાળકની માતાએ બીજે પુન : લગ્ન કર્યા હોય અને બાળક અનાથ થઇ ગયું હોય ત્યારે આવુ બાળક તેના નજીકના સગા સબંધી પાસે રહીને અભ્યાસ કરતુ હોય તો આવા બાળકને પાલક માતા પિતા યોજના અંતર્ગત દર મહિને રૂ.૩૦૦૦/-ની આર્થિક સહાય આપવામાં આવે છે.

આ યોજનાનો અસરકારક અમલ થાય અને અનાથ બાળકોના જીવનમાં ઉજાસ પાથરવાના આશયથી બનાસકાંઠા કલેકટરશ્રી આનંદ પટેલના અધ્યક્ષસ્થાને તા. ૮ ઓક્ટોબર-૨૦૨૦ના રોજ એક બેઠક યોજાઇ હતી. જેમાં અનાથ બાળકોને પાલક માતા-પિતા યોજનાનો લાભ સરળતાથી મળી રહે તે માટે ઝુંબેશ ચલાવવા જણાવાયું હતું. આ ઝુંબેશના ફળ સ્વરૂપે આજે જિલ્લાના ૧૦૨ અનાથ બાળકોને પાલક માતા-પિતા યોજનાનો લાભ મળ્યો છે. પાલનપુર ચિલ્ડ્રન હોમ ખાતે કલેકટરશ્રી આનંદ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલ કાર્યક્રમમાં અનાથ બાળકોને ફટાકડા અને મીઠાઇ તથા પાલક માતા-પિતા યોજનાના હુકમોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કલેકટરશ્રી આનંદ પટેલે દિવાળીની શુભેચ્છા પાઠવતાં જણાવ્યું કે, નવરાત્રિ પર્વ નિમિત્તે માતૃશક્તિ આરાધનાના પ્રસંગે જિલ્લામાં ૩,૦૦૦ થી વધુ વિધવા બહેનોને વિધવા સહાયના હુકમ એનાયત કરવામાં આવ્યા હતાં. તેવી જ રીતે દિવાળીનું પ્રકાશનું પર્વ અનાથ બાળકોના જીવનમાં નવો પ્રકાશ લાવે તે માટે આજે ધનતેરશના પાવન દિવસે જિલ્લામાં વિવિધ જગ્યાએ ૧૦૨ અનાથ બાળકોને પાલક માતા-પિતા યોજનાનો લાભ આપવામાં આવ્યો છે. કલેકટરશ્રીએ કહ્યું કે, અનાથ બાળકોને ઉછેરી તેમનામાં સંસ્કાર અને શિક્ષણનું સિંચન કરનાર પાલક માતા-પિતાને હું નમન કરું છું. તેમણે કહ્યું કે, આ ઝુંબેશમાં શિક્ષણ વિભાગના અધિકારીઓ, જિલ્લાના પ્રાથમિક, માધ્યમિક શિક્ષકો અને આંગણવાડી કાર્યકર તેમજ શિક્ષણના હોદ્દેદારો તથા જિલ્લા બાળ સુરક્ષા અધિકારીની સમગ્ર ટીમ અને જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી આ ઝુંબેશમાં જોડાઇ માનવતાના આ મહાકાર્યને મહેકાવા માટે ફાળો આપ્યો છે તેમને અભિનંદન પાઠવું છું. આ યોજનાનો લાભ મેળવનાર બાળકો સારું શિક્ષણ મેળવી ભવિષ્યનમાં સમાજમાં મોભાદાર સ્થાન પ્રાપ્ત કરી શક્તિશાળી રાષ્ટ્ર નિર્માણના સહભાગી બને તેવી શુભેચ્છા તેમણે વ્યક્ત કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, બનાસકાંઠા જિલ્લામાં પાલક માતા પિતા યોજનામાં કુલ- ૧૪૦૯ અનાથ બાળકો પાલક માતા-પિતા યોજનાનો લાભ લઇ રહ્યા છે. પાલક માતા-પિતા યોજનાના અમલીકરણમાં બનાસકાંઠા જિલ્લો સમગ્ર રાજયમાં પ્રથમ સ્થાને છે.

આ પ્રસંગે બાળ કલ્યાણ સમિતિના ચેરમેનશ્રી સુભાષભાઇ સોનેરી તથા તમામ સભ્યો, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી નરેન્દ્રસિંગ ચાવડા, નાયબ જિ. પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી મુકેશભાઇ ચાવડા, મામલતદારશ્રી કમલભાઇ ચૌધરી અને શ્રી એલ. ડી. પરમાર, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી એમ. કે. જોષી, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી શ્રી ડૉ. એન. વી. મેણાત, સંવેદના ટ્રસ્ટના પ્રમુખ શ્રીમતી શિલ્પાબેન વૈષ્ણવ સહિત સંબંધિત અધિકારીઓ- કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

### ગુજરાત યુનિ.માં મૂલ્યાંકન પ્રક્રિયા જાહેર કરાઈ

# એક્સટર્નલ વિદ્યાર્થીઓનું ૩૦ માર્ક્સના એસાઈમેન્ટ દ્વારા મૂલ્યાંકન કરાશે

અમદાવાદ,તા.૧૩

કોરોનાને લીધે તમામ પરીક્ષાઓ માર્ચ-એપ્રિલમાં લેવાઈ ન હતી પરંતુ સરકારને પરીક્ષાની મંજૂરી આપ્યા બાદ યુજી-પીજીના છેલ્લા સેમેસ્ટરના રેગ્યુલર વિદ્યાર્થીઓની સાથે એક્સટર્નલના વિદ્યાર્થીઓની પણ પરીક્ષા લેવાઈ હતી. હવે ગુજરાત યુનિવર્સિટી દ્વારા યુજી-પીજીના એક્સટર્નલ વિદ્યાર્થીઓ માટે આખરે મૂલ્યાંકન પ્રક્રિયા જાહેર કરવામાં આવી છે. જેમાં યુજીમાં સેમેસ્ટર ૨ અને ૪ તથા પ્માં સેમેસ્ટર ૨ના એક્સટર્નલ વિદ્યાર્થીઓનું ૩૦ માર્ક્સના એસાઈમેન્ટ દ્વારા મૂલ્યાંકન કરવામાં આવશે. આ મૂલ્યાંકનના આધારે તેમને રિઝલ્ટ આપવામાં આવશે. એક્સટર્નલના વિદ્યાર્થીઓએ આ મૂલ્યાંકન પ્રક્રિયામાં ભાગ લેવા માટે પણ રજિસ્ટ્રેશન કરાવવું પડશે.ેયુજીની ગાઈડલાઈન પ્રમાણે બીજા અને ચોથા સેમેસ્ટરના વિદ્યાર્થીઓને મેરિટ બેઝ પ્રમોશન આપવાનું હતું. પરંતુ એક્સટર્નલ વિદ્યાર્થીઓને રેગ્યુલર વિદ્યાર્થીઓની જેમ કોલેજમાંથી ઈન્ટરનલ માર્ક્સ મળતા નથી. જેથી ઈન્ટરનલ અને અગાઉના સેમેસ્ટરના ૫૦ ટકા માર્ક્સ મુજબ મેરિટ બેઝ પ્રમોશન આપી શકાય તેમ ન હતું.

ગુજરાત યુનિ.એ વિદ્યાર્થીઓની સંખ્યા વધુ હોવાથી સીન્ડીકેટ બેઠકમાં લેખિત ઓફલાઈન પરીક્ષાને બદલે એક્ઝામ સબમિશનના આધારે પરિણામ આપવાનો નિર્ણય કર્યો હતો. સીન્ડીકેટમાં ઠરાવના એક મહિના બાદ અંતે દિવાળી ટાણે યુનિ.એ મૂલ્યાંકન પ્રક્રિયા જાહેર કરી છે. યુનિ.દ્વારા કરાયેલા પરિપત્ર મુજબ બીએ, બી.કોમ સેમસ્ટર ૨ અને ૪ તથા એમએ- એમ.કોમ સેમેસ્ટર -૨ના એક્સટર્નલના વિદ્યાર્થીઓએ વિષયવાર ૩૦ ગુણના એસાઈમેન્ટ જમા કરાવવાના રહેશે. જે માટે દરેક વિદ્યાર્થીએ સૌપ્રથમ યુનિ.ની વેબસાઈટ પર ૨૪મી સુધી રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. રજિસ્ટરેશનમાં વિદ્યાર્થીએ એનરોલમેન્ટ નંબર,સીટ નંબર અને મોબાઈલ નંબર ફરજીયાત લખવાના રહેશે. જો કોઈ વિદ્યાર્થી રજિસ્ટ્રેશન પૂર્ણ નહી કરે તો એક્ઝામ સબમિશન માટે ગેરહાજર ગણવામા આવશે. રજિસ્ટ્રેશન બાદ વિદ્યાર્થીને ઈમેઈલથી પેપર દીઠ ૧૫-૧૫ ગુણના બે પ્રશ્નો અપાશે અને જેના જવાબો વિદ્યાર્થીએ લખી સ્કેન કરી પેપર દીઠ અલગ અલગ અપલોડ કરવાના રહેશે.

# સિદ્ધપુરમાં કોરોના મહામારીના કારણે હીરા ઉદ્યોગમાં મંદીના માહોલ થી રત્નકલાકારો ચિંતિત

ધ્રુવ દવે સિદ્ધપુર

૧૯૫૫થી આ ઉદ્યોગની શરૂઆત થઈ હતી ત્યારથી પાટણ જિલ્લામાં હીરા ઉધોગનું હબ ગણાય છે

ઈતિહાસિક અને ધાર્મિક નગરી સિદ્ધપુર ને ઉત્તર ગુજરાતમાં હીરાઓની નગરી તરીકે ઓળખાય છે

સિદ્ધપુરમાં ઉદ્યોગમાં મંદીના માહોલ થી રત્નકલાકારો માં ચિંતા વ્યાપી છે હાલમાં સીધ્ધપુર બજારનું મુખ્ય હિરા ઉદ્યોગ કેન્દ્ર તરીકે ઓળખવામાં આવે છે

સિધ્ધપુર માં દેથીચાર રસ્તા કાકોશી ફાટક તેમજ કાકોશી રોડ ઉપર આવેલી કલોલ કોલોનીમાં અંદાજે ૧૫૦થી ૨૦૦ હીરાના કારખાનાઓ આવેલા છે જેમાં અંદાજે ૬ હજાર થી પણ વધુ વધુ રત્નકલાકારો હીરા ઉદ્યોગમાં સંકળાયેલા છે

સિદ્ધપુરમાં હીરા ઉદ્યોગની શરૂઆત આઝાદી પછી ૧૯૫૫ની આસપાસ કરવામાં આવી હતી તે સમયે ગુજરાતમાં સુરત અમદાવાદ અને શહેર ને બાદ કરતા ઉત્તર ગુજરાતમાંથી સિધ્ધપુર એક માત્ર મુખ્ય ઉદ્યોગ ક્ષેત્રે જાણીતુ થયું હતું

હાલમાં પાટણ જિલ્લામાં હીરા ઉદ્યોગ ના હબ તરીકે ઓળખાય છે હીરા નો કાચો માલ સુરત નવસારી મુંબઇ વડોદરા વાપી વલસાડ થી સિધ્ધપુર ની ફેક્ટરી માં આવે છે

જેને રત્નકલાકારો દ્વારા કાચા માલમાંથી ઘાટ ટેબલ ઘાટ અને મથાળુ બનાવવામાં આવે છે

આ હિરાઓ ની વિદેશમાં પુષ્કળ પ્રમાણમાં જવેલેરી અને ઈમિટેશન માં માંગ વધુ હોવાથી અમેરિકા આફ્રિકા અને યુરોપ સાઉદી અરેબિયા ઓસ્ટ્રેલિયા વગેરે દેશ માં તૈયાર હીરા ના માલ ની નિકાસ કરવામાં આવે છે

હાલ માં સિદ્ધપુરમાં છેલ્લા ઘણા સમયથી વૈશ્વિક કોરોના મહામારી ના કારણે હિરા ઉદ્યોગમાં મંદી નુ વાતાવરણ જોવા મળે છે જેના કારણે હાલમાં રત્નકલાકારો બેરોજગાર બનતા આર્થિક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે વધુમાં ડોલર સામે રૂપિયો ગગડતાં વધુ મોંઘવારીનો માર રત્ન કલાકારોની પડી રહયો છે

# શહેરીજનોને દીપાવલી પર્વની શુભેચ્છા પાઠવતાં અશોકભાઈ ડાંગર, મહેશભાઈ રાજપૂત અને મનપાના વિપક્ષીનેતા વશરામભાઈ સાગઠીયા

રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અશોકભાઈ ડાંગર, રાજકોટ મહાનગરપાલિકાના વિરોધપક્ષના નેતા વશરામભાઈ સાગઠીયા અને રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ મહેશભાઈ રાજપૂતે શહેરીજનોને દિપાવલી પર્વની શુભેચ્છા પાઠવતા જણાવ્યં હતું કે દિપોત્સવી એટલે પ્રકાશનો મહોત્સવ. દિવાળી એ માત્ર એક તહેવાર નથી પરંતુ, ધનતેરસ, કાળી ચૌદશ, દિવાળી, નુતન વર્ષ અને ભાઈબીજ - આ પાંચ તહેવારોનું સ્નેહમિલન છે અને આ પાંચ તહેવારો અલગ-અલગ વિચારધારાને લઈને આવે છે. ધનતેરસ એટલે ધનની પૂજા-ઉપાસનાનો દિવસ, આસુરી શક્તિ પર દૈવી શક્તિનો વિજય એવા કાળીચૌદશને અનિષ્ટનો નાશ કરીને ઈષ્ટ તરફ ગતિ કરવાનું પ્રેરણાનું પર્વ કહેવામાં આવે છે. ત્યારબાદ ભાઈબીજ એટલે બહેન પોતાના ભાઈના દિર્ઘાયુ તથા સફળતા માટે ઈશ્વરને પ્રાર્થના કરે છે. આ દિવસે ભાઈ બહેનના ઘેર જમીને આશિર્વાદ પ્રાપ્ત કરે છે. દિવાળીના પાવન અવસરે ચારે બાજુએ વાતાવરણ ખુશીઓથી મહેક્તુ થઈ જાય છે. નવા કપડા, અવનવી રંગોળી, ફટાકડા, રંગબેરંગી આતશબાજી, મીઠાઈ, રોશની, સૌ સગા-સ્નેહીઓ સૌના મીલનથી જનમાનસ પ્રફુલીત થઈ જાય છે. કોરોના મહામારીના કાળમાં લોકોએ સાવધાન રહેવા, સચેત રહેવા અને સોશિયલ ડિસ્ટન્સ રાખી તહેવારો ઉજવવા હિંદુ ધર્મના આ મહાપર્વ પર બાળકોને ફટાકડાથી દાઝી ન જવાય અને કોઈ અકસ્માત ન સર્જાય એ માટે જરૂરી સાવચેતી રાખવા સૌ શહેરીજનોને દિપોત્સવી પર્વની શુભેચ્છા સો નુતન વર્ષમાં સૌ કોઈ સુખ- સમૃધ્ધીભર્યુ જીવન પ્રાપ્ત કરે અને આવનારા નવલા વર્ષમાં આપ અને આપના પરિવાર માટે નૂતનવર્ષ સુખમય, શાંતિમય, સમૃદ્ધિમય અને નિરોગી નીવડે તેવી પરમકૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના સાથે આપના પરિવારજનો હંમેશા ઉતરોતર પ્રગતી કરતા રહો તેવી શુભેચ્છા રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અશોકભાઈ ડાંગર, રાજકોટ મહાનગરપાલિકાના વિરોધપક્ષના નેતા વશરામભાઈ સાગઠીયા અને રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ મહેશભાઈ રાજપૂતે દીપાવલી પર્વ નિમિતે શુભેચ્છાઓ પાઠવી છે તેવું કોંગ્રેસ કાર્યાલય મંત્રી વિરલ ભટ્ટે અખબારી યાદીમાં જણાવ્યું છે.

(વિરલ ભટ્ટ)

# પાટણ જીલ્લા ભાજપના નવનિયુક્ત જીલ્લા અધ્યક્ષશ્રી દશરથજી ઠાકોરનો પદ ગ્રહણ કાર્યક્રમ યોજાયો

ભાજપ પ્રદેશ મહામંત્રી કે.સી.પટેલ, કેબિનેટ મંત્રી દિલીપજી ઠાકોર, ગુજરાત જીઆઈડીસીના ચેરમેન બલવંતસિંહ રાજપૂતની ઉપસ્થિતિમાં પાટણ જિલ્લા ભાજપના નવનિયુક્ત પ્રમુખ દશરથજી ઠાકોરનો ધનતેરસના પવિત્ર દિને પદગ્રહણ સમારોહ પાટણ ખાતે યોજાયો. આ પ્રસંગે જીલ્લા ભાજપ પ્રભારી મયંકભાઈ નાયક, જીલ્લા પંચાયત પ્રમુખ વિનુભાઈ પ્રજાપતિ, પૂર્વ પ્રમુખ મોહનભાઈ પટેલ, પૂર્વ સંસદીય સચિવ રણછોડભાઈ દેસાઈ, ભાવસિંહ રાઠોડ, લવિંગજી ઠાકોર તેમજ જીલ્લા ભાજપના આગેવાનો અને કાર્યકર મિત્રો ઉપસ્થિત રહ્યા હતાં.


HELP US FOR DEEPAVALI



SUBHASH CHILDREN HOME
HOME FOR ORPHAN & NEEDY CHILDREN, SEEKING YOUR SUPPORT
19,Rajiv Vihar,Machhariya Road,Naubasta, Kanpur Nagar
Deepawali Festival At Home 13th- 15th November 2020
You can Donate Via
PAYTM No. 9935309431
For More way to Donate like Net Banking,NEFT/RTGS/IMPS etc, Please visit
Our Bank Details
For Indian Donor
Name :- Subhash Children Home (Shishu)
Bank :- HDFC Bank, IFSC :- HDFC0002042
A/c No. :- 50100204764371
Branch :- M Block, Kidwai Nagar, Kanpur, UP, India
For International Donor
Name :- Subhash Children Socity
Bank :- PNB Bank, IFSC :- PUNB0073100
A/c No. :- 0731000100264884, Swift Code - PUNBINBBCKH
Branch :- M Block, Kidwai Nagar, Kanpur, UP, India
Or make us a call at - 9935309431,9076770372
Donations are exempted from IT under section 80G
Our website - www.subhashchildren.org


## માણાવદરની મહિલાઓએ ધનતેરસના દિવસે વિધિવત કરેલી કુમારીકા પૂજા આરતી



માણાવદર ની પ્રાચીન પરંપરા રહી છે કે ધનતેરસ દેવી તરીકે કોઇ કુમારીકા નું પૂજન શહેરની મહિલાઓ દ્વારા વિધિ વિધાન સાથે કરવામાં આવે છે આ દિવસે આજે બાગદરવાજા વિસ્તાર ની મહિલાઓ કિરણબેન પટેલ, ભકિતબેન પટેલ ,સોનલબેન ઝાલાવાડીયા, દિપ્તીબેન ઝાલાવાડીયા, મનિષાબેન પટેલ, સરિતાબેન ગોર સહિતની મહિલાઓએ ચાર્વીબેન પેથાણી અને માર્ગીબેન રતનપરા નામની કુમારીકા નું પૂજન, આરતી તથા રૂમાલમાં પગલાં પાડી પૂજા કરી માણાવદર ની પરંપરાગત ચાલી આવતા આ રિવાજ ને યથાવત જાળવી રાખ્યો હતો. તસ્વીર- અહેવાલ - જીજ્ઞેશ પટેલ માણાવદર

# પાલનપુર મુકામે કલેકટરશ્રી આનંદ પટેલના હસ્તે ગરીબોને રાશન કીટ આપવાનો કાર્યક્રમ યોજાયો



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

પાલનપુર મુકામે નૂતન જીવદયા ગ્રુપ દ્વારા આયોજીત કાર્યક્રમમાં કલેકટરશ્રી આનંદ પટેલના હસ્તે ગરીબોને રાશન કીટ આપવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે કલેકટરશ્રીએ આ ગ્રુપના યુવાનોને અભિનંદન પાઠવતાં જણાવ્યું કે, નાના પાયાથી આ યુવાનોએ ખુબ સરસ સેવાનું કામ શરૂ કર્યુ છે. કલેકટરશ્રીએ દિવાળીની શુભેચ્છા પાઠવતાં જણાવ્યું કે, આપણી યુવાની લોકોની મુશ્કેલીઓ શોધી તેનો ઉકેલ લાવવામાં ખર્ચાય તો સમાજને ચોક્કસ ફાયદો થશે. તેમણે કહ્યું કે યુવાનો સોશ્યલ મિડીયાના બદલે સોશ્યલ વર્ક કરી શક્તિશાળી રાષ્ટ્રણ નિર્માણના સહભાગી બને.

કલેકટરશ્રીએ મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઇ પટેલ અને ડૉ. બાબા સાહેબ આંબેડકર જેવા મહામાનવોના જીવનમાંથી પ્રેરણા મેળવી સેવા કાર્યો કરી આગળ વધવા યુવાનોને જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, શિક્ષણથી સમૃધ્ધ અને શક્તિશાળી રાષ્ટ્રોનું નિર્માણ થતું હોય છે ત્યારે સારા નાગરિકો પેદા કરવા સંસ્કારયુક્ત શિક્ષણ અનિવાર્યપણે જરૂરી છે. કલેકટરશ્રીએ કહ્યું કે, કોરોના સંક્રમણથી રક્ષણ મેળવવા માસ્ક, સેનેટાઇઝેશનનો ઉપયોગ કરવા સહિત વાંરવાર હાથ ધોવા સહિતની કાળજી રાખવી ખુબ જરૂરી છે.

પાલનપુરના સેવાભાવી તબીબ શ્રી ડૉ. સુરેન્દ્ર ગુપ્તાયએ નૂતન જીવદયા ગ્રુપના યુવાનોની કામગીરીને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતાં. કાર્યક્રમમાં ગ્રુપના પ્રમુખશ્રી મયુરભાઇ બારોટ, મામલતદારશ્રી કમલભાઇ ચૌધરી અને શ્રી એલ. ડી. પરમાર, સી. બી. ગાંધી નૂતન હાઇસ્કુલના આચાર્યા શ્રીમતી અલકાબેન શાહ, અગ્રણીશ્રી છોટુભાઇ મોઢ સહિત નૂતન જીવાદયા ગ્રુપના સભ્યો અને લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# વસ્તી નિયંત્રણ કાયદો બનાવવાના સમર્થનમાં મેયરશ્રીના હસ્તે ધ્વજ વંદન



ભારતની જન સંખ્યા ૧૩૮ કરોડને પાર થવા તરફ છે. વસ્તી વધારાના કારણે ગરીબી, આવાસોની તંગી અને સામાજીક અસમાનતા સહિતની સમસ્યાઓ વિકરાળ બની રહી છે. ત્યારે જન સંખ્યા સમાધાન ફાઉન્ડેશન દ્વારા આયોજીત વર્ષ ૨૦૧૭થી જન આંદોલન ચલાવવામાં આવી રહ્યું છે અને વસ્તી નિયંત્રણ કાયદો બનાવીને તેનો અમલ કરવાની માગણી સરકાર સમક્ષ કરવામાં આવી રહી છે. તેને વેગ આપવા યોજાયેલા કાર્યક્રમમાં મેયરશ્રી રીટાબેન પટેલે ઉપસ્થિત રહીને ધ્વજ વંદન કરાવવા સાથે ઉપસ્થિતોને કાયદાને સમર્થન માટે શપથ લેવડાવવામાં આવ્યા હતાં.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.